**આજનો સુવિચાર**

જૂઠ પણ બહુ વિચિત્ર હોય છે, તમે પોતે બોલો તો સારું લાગે, પણ બીજા બોલે તો ગુસ્સો આવે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૫૬ જૂનાગઢ તા.૧૩-૦૨-૨૦૨૫ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 56, Junagadh : Date : 13 February, 2025, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### "ભાજપે ભયમુક્ત ભ્રષ્ટાચાર કર્યો છે : જૂનાગઢની વર્તમાન સ્થિતિ માટે ભાજપનું દુ:શાસન જવાબદાર છે"

# ભાજપે મતદારોનો મતદાનનો અધિકાર છીનવી લેવાનું પાપ કર્યું છે : લોકો તેને સબક શીખવાડે : શક્તિસિંહ ગોહિલ







જૂનાગઢ તા.૧૩

આગામી રવિવારે ૧૬ ફેબ્રુઆરીના રોજ જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીનું મતદાન છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા ગત રાત્રે તેમના સ્ટાર પ્રચારકો પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ માઈનોરીટી સેલના પ્રમુખ શાહનવાઝ શેખ દ્વારા જૂનાગઢ શહેરમાં કાળવાચોક ખાતે ચૂંટણી જાહેરસભા સંબોધવામાં આવી હતી. જાહેરસભાને સંબોધતા શક્તિસિંહ ગોહિલે ભાજપ પર ચાબખા વરસાવતા કહ્યું કે, જૂનાગઢ શહેરમાં બે વોર્ડમાં મતદારોના મતદાન કરવાનો અધિકાર છીનવી લેવાનું પાપ ભાજપે કર્યું છે. નાણાના કોથળા અને ધાક-ધમકી દ્વારા લોકશાહીનું ગળુ ટૂંપી દેવામાં આવ્યું છે. લોકશાહીમાં મતદારોનો મત આપવાનો અધિકાર છીનવાયો છે. તેનો બદલો લોકોએ લેવો જોઈએ. ભાજપે લોકશાહીને લાંછન લગાડવાનું કામ કર્યું છે. પરંતુ કોંગ્રેસના ૪૯ ઉમેદવારો નિષ્ઠાવાન અને પ્રમાણિક છે. તેમને મત આપવા શક્તિસિંહે મતદારોને અપીલ કરી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે કહ્યું કે, "ભાજપે ભયુભુક્ત ભ્રષ્ટાચાર કર્યો છે." જૂનાગઢની વર્તમાન સ્થિતિ માટે ભાજપનું દુશાસન જવાબદાર છે. ભાજપ ધર્મના નામે મત માંગે છે, હિન્દુના નામે મત માંગે છે. પરંતુ કોંગ્રેસ મત મેળવવા માટે ધર્મનો ઉપયોગ કરતી નથી. આ તકે શક્તિસિંહે બંધારણના ઘડવૈયા ડો.આંબેડકરનું કથન ટાંકતા કહ્યું કે, "કયા ધર્મમાં જન્મ લેવો તે મારા હાથની વાત નથી, પરંતુ કયા ધર્મમાં રહીને મૃત્યું પામવું તે મારા હાથની વાત છે". ભાજપે હિન્દુ ધર્મની વ્યાખ્યા બદલી નાખી છે. જેમાં જીયો ઔર જીને દોને બદલે જીયો ઔર માર ડાલો, ની નીતી ભાજપે અપનાવી છે. આમ કરીને ભાજપને મતોનો ફાયદો મળ્યો પરંતુ વિશ્વના અન્ય દેશોમાં આજે હિન્દુઓને તકલીફ પડી રહી છે. તેના માટે ભાજપની બેવડી નીતી જવાબદાર છે. ભાજપ મતોની રાજનીતી માટે હિન્દુ-મુસ્લીમ કરે છે. ગાયના નામે મત તો લેવા છે અને કતલખાના ચલાવનારાઓ પાસેથી ચૂંટણીફંડ પણ ભાજપ લે છે. તેમણે વધુમાં કહ્યું કે, અમેરીકાથી ભારતના નાગરીકોને હાથકડી અને પગમાં બેડી સાથે પરત મોકલવામાં આવ્યા. તેના માટે શું આપણી સરકાર જવાબદાર નથી ? કોલંબીયા જેવા નાના દેશે પણ અમેરીકા સામે લાલ આંખ બતાવીને પોતાના દેશના નાગરીકોની સન્માનજનક વાપસી સુનિશ્ચિત કરી હતી. પરંતુ ભારત સરકાર તેમ કરી શકી નથી. એક તરફ ભાજપ કહે છે કે, મુસ્લીમોએ મત આપીને અમારી મતપેટીઓ અભડાવવી નહીં અને બીજી તરફ મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપે છે આમ ભાજપ બેવડું વલણ અપનાવે છે. જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી વખતે મોહર્રમ અને ઈદમાં રાંધણગેસ સીલીન્ડર મફત આપવાની આપણા ગૃહમંત્રી જાહેરાત કરે છે. પરંતુ ગુજરાતમાં ૨૭ વર્ષથી ભાજપનું શાસન છે ત્યારે કેમ ભાજપની સરકાર રામનવમી કે જન્માષ્ટમીના તહેવારોમાં મફત ગેસ સીલીન્ડર આપવાની વાત કરતી નથી. ભાજપે જૂનાગઢમાં મતદાતાનો અધિકાર લૂંટી લીધો છે. તેના પર તરાપ મારી છે. જૂનાગઢ વાસીઓ તેને સબક શીખવાડે તેમ તેમણે જણાવ્યું હતું.

પોતાના સંબોધનમાં શક્તિસિંહે ભારપૂર્વક તમામ ધર્મના નાગરીકો વચ્ચે પ્રેમ, ભાઈચારો જળવાય તેવી શીખ આપતા કહ્યું કે, કોંગ્રેસ પક્ષની હંમેશા એ નિતી રહી છે કે, "મઝહબ નહીં શીખાતા આપસ મેં બૈર રખના, હિન્દી હૈ હમ વતન હૈ સારા જહાં હમારા"...

જ્યારે જૂનાગઢ શહેરમાં ગેરકાનૂની બાંધકામોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, માત્ર નાના-ગરીબ લોકોના ધંધાના સ્થળો અને મકાનો તોડી પાડવામાં આવે છે. ભાજપના બિલ્ડરો અને નેતાઓના દબાણોને કોઈ હાથ પણ અડાડતું નથી. પરંતુ કોંગ્રેસ પક્ષ એ ખાતરી આપે છે કે, જો જૂનાગઢ શહેરમાં કોંગ્રેસનું શાસન આવશે તો નાના વેપારીઓ, ગરીબવર્ગ માટે વૈકલ્પિક વ્યવસ્થા અને વળતર આપ્યા બાદ જ દબાણો હટાવવાની કાર્યવાહી કરવામાં આવશે. ગરીબ લોકોને કોઈપણ તકલીફ ન પડે તેનું કોંગ્રેસ ખાસ ધ્યાન રાખશે.

ચૂંટણી જાહેર સભામાં જીએસટીથી નાનો વેપારી દુ:ખી છે, વાહનો તેમજ ખેતી માટેની જંતુનાશક દવાઓ પર ૨૮ ટકા જીએસટી છે. જેને કારણે વેપારીઓ-ખેડુતો દુ:ખી છે. તેમ તેમણે જણાવ્યું હતું. શક્તિસિંહ ગોહિલના સંબોધનને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું. આ તકે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ માઈનોરીટી સેલના પ્રમુખ શાહનવાઝ શેખે પણ કોંગ્રેસના ઉમેદવારોને મત આપવા લોકોને અપીલ કરી હતી.

આ તકે જૂનાગઢ શહેર-જીલ્લા કોંગ્રેસના આગેવાનો પૂંજાભાઈ વંશ, હિરાભાઈ જોટવા, બાબુભાઈ વાજા, ભીખાભાઈ જોષી, ભરતભાઈ અમીપરા, રહીમભાઈ સોરા, પ્રજ્ઞાબેન વીરડા, અમીતભાઈ પટેલ વગેરેએ પ્રાસંગીક સંબોધનો કર્યા હતા.

કોંગ્રેસની આ જાહેરસભાને સફળ બનાવવા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા, શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અમીતભાઈ પટેલ, શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ જશીબેન બારડ, કોંગ્રેસ લઘુમતી સેલના પ્રમુખ અશરફભાઈ હાલા, કોંગ્રેસ અનુસૂચિત જાતી જીલ્લા સેલના પ્રમુખ વિનુભાઈ સીંઘલ, શહેર પ્રમુખ રાવણભાઈ પરમાર તેમજ કોંગ્રેસના તાલુકા અને વિવિધ સંગઠનોના હોદ્દેદારો ઉપરાંત જૂનાગઢ શહેરમાં ચૂંટણી મેદાનમાં રહેલા ૪૯ ઉમેદવારો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ મહાનગરપાલિકા ચૂંટણી માટે ભાજપે સંકલ્પપત્ર જાહેર કર્યું

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીના સંદર્ભમાં આજે બપોરે ભાજપ દ્વારા સંકલ્પપત્ર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં જૂનાગઢ શહેરને સ્પર્શતા મુદ્દાઓ સાથે અત્યાર સુધી ભાજપ દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી છે તેની રૂપરેખા જાહેર કરવામાં આવી છે. તેમજ આગામી સમયમાં જૂનાગઢ શહેરનો વિકાસ કરવા માટેનું વિઝન રજુ કરવામાં આવ્યું છે. જેમાં ગિરનાર રી-ડેવલોપમેન્ટનું કામ, શહેરને ખુલ્લા વિજ વાયરથી મુક્ત કરવું, આધુનિક રેલ્વે સ્ટેશન, બગીચાઓ બનાવવા, ઘર વિહોણા લોકો માટે આશ્રયસ્થાન, ઘરે-ઘરે રાંધણગેસ પહોંચાડવું, આધુનિક લાયબ્રેરી, આકર્ષક સેલ્ફી પોઈન્ટ, આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ સંકુલ, હોકર્સ ઝોન, આકર્ષક સર્કલનું નિર્માણ, સ્માર્ટ પબ્લીક ટોયલેટ, કલોથ વેન્ડિંગ મશીન વગેરે સુવિધાઓ આપવાનું ભાજપે તેના સંકલ્પપત્રમાં જણાવ્યું છે.


**ભાડે આપવાનું છે**

સાબલપુર ચોકડી પાસે, ૧૯૦૦ સ્કેવર ફુટ, શો-રૂમ લાયક જગ્યા ભાડે આપવાની છે

: સંપર્ક :

મો. ૮૧૬૦૮ ૮૮૭૯૨



# જૂનાગઢ મહાનગરપાલિકા વોર્ડ નં.૮ના કોંગ્રેસના ઉમેદવારોનો ધૂંઆધાર ચૂંટણી પ્રચાર

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને રાજયસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ માઈનોરીટી સેલના પ્રમુખ શાહનવાઝ શેખ દ્વારા વોર્ડ નં.૮ માં પદયાત્રા સાથે જંગી ચૂંટણી જાહેર સભાને સંબોધન









વોર્ડ નં.૮ માં કોંગ્રેસની સમગ્ર પેનલને મતદારોનું સ્વયંભૂ પ્રચંડ સમર્થન : શક્તિસિંહ ગોહિલ અને શાહનવાઝ શેખ દ્વારા જૂનાગઢ શહેરમાં કોંગ્રેસના તમામ ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા અપીલ




પ્રકાશક : ઉબેદભાઈ એસ. કોતલ

# રાજયને ત્રીસ વર્ષ પહેલા ભય, ભૂખ, ભ્રષ્ટાચાર મુક્ત કરવાનું વચન આપી સતા ઉપર આવેલ ભાજપના ત્રીસ વર્ષના શાસનમાં ભ્રષ્ટાચાર નાબુદીની આ કેવી પરિસ્થિતિ !




(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૩

રાજયને ભય, ભૂખ, ભ્રષ્ટાચાર મુક્ત કરવાના ત્રીસ વર્ષ પહેલાના ભાજપના વચનની ભાજપના મોડેલ સ્ટેટમાં ભ્રષ્ટાચારની કેવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ હોવાનો ચીતાર આપતી વિગતો બહાર આવેલ છે જે મુજબ ખુદ રાજયમાં ભ્રષ્ટાચાર નાબુદી અર્થે કાર્યરત એન્ટી કરપ્શન બ્યુરોના રેકર્ડમાં નોંધાયેલ વિગતો મુજબ રાજ્યના આઈ.પી.એસ. આઈ.એ.એસ અને કલાસ વન અધિકારીઓના ભ્રષ્ટાચારની સૌ પ્રથમ વિગત ત્રીસ વર્ષ પહેલા ગોધરાની રણકપુર ચેક પોસ્ટ ઉપર ફરજ ઉપરના હેડ કોન્સ્ટેબલ મનસુર ડામોર નામનો શખ્સ રૂપીયા ૮૦૦ની લાંચ લેતા પકડાયેલ અને નીચલી કોર્ટ તેને નિર્દોષ છોડતા રાજય સરકાર દ્વારા ઉપલી કોર્ટમાં તેના ચુકાદાને પડકારતા કેસ હાઈકોર્ટ સુધી પહોંચી જતા અને હાઈકોર્ટ દ્વારા આ કેસની સુનવાણી દરમ્યાન કોર્ટના ધ્યાન ઉપર આવેલ કે ભ્રષ્ટાચાર મુદે સરકાર અને અધિકારીઓ ગંભીર નથી માટે મુખ્ય સચિવ, કાયદા સચિવ અને એ.સી.બી.ના ડિરેક્ટર પાસેથી જવાબ માંગતા સરકાર અને તંત્ર ફસાઈ ગયેલ. ત્યારે એ.સી.બી.ના ડિરેક્ટર કે.વી.જોસેફ દ્વારા હિંમત દર્શાવી કોર્ટમાં જવાબ રજુ કરેલ કે અધિકારીઓ સામેના ભ્રષ્ટાચારના કુલ ૪૯ કેસોમાં તપાસની મંજૂરી જ રાજય સરકાર દ્વારા આપવામાં આવેલ નથી. જ્યારે ત્રણ ત્રણ દાયકા બાદ તેમાં વધુ ત્રણનો ઉમેરો થતા હાલ ૫૨ અધિકારીઓ ઉપર તપાસ ચાલુ કરવા એ.સી.બી. દ્વારા રાજય સરકાર પાસે મંજુરી માંગવામાં આવી હોવા છતાં આજ ત્રીસ વર્ષ પછી પણ ફક્ત ચાર અધિકારી સામે તપાસની મંજૂરી આપેલ છે ! જે આશ્ચર્ય જનક સત્ય હકીકત છે. અત્રે વધુ ચોંકવાનારી હકીકત તો તે છે કે બાકીના ૪૮ આઈ.એ.એસ., આઈ.પી.એસ અને કલાસવન ઓફિસર વિરૂધ્ધ ભ્રષ્ટાચારના પૂરતા પુરાવાઓ છે પણ સરકાર તેમને છાવરી રહી હોય તેમ આંખ આડા કાન કરી વેઈટ એન્ડ વોચના મોડ ઉપર ચાલી રહી હોય તેમ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ચર્ચાસ્પદ રહેલા કિસ્સાઓની જ ફરીયાદ દાખલ કરવા એ.સી.બી.ને મંજૂરી આપેલ છે. જયારે આ પરિસ્થિતિના કારણે રાજયમાં ભ્રષ્ટાચારને રાજકીય ખુલ્લો ટેકો હોવાનું જાણતા ભ્રષ્ટ આઈ.એ.એસ, આઈ.પી.એસ અને ક્લાસ વન અધિકારીઓ કે જે પહેલા હજારના આંકડામાં લાંચ માંગતા તે હવે લાખોમાં માંગી રહયા છે અને તેના પુરાવા સ્વરૂપે તેમના મળતિયાઓ અવાર નવાર રાજયમાં એ.સી.બી. કે સી.બી.આઈ.માં પકડાતા હોવાનું પણ સરકારી રેકર્ડ ઉપર નોંધાવા સાથે અવાર નવાર બહાર આવે છે. ત્યારે આ ભ્રષ્ટાચાર માટે નીચલા લેવલથી લઈને ટોપ લેવલ સુધીના થતા આ લાખો રૂપીયાના ઉઘરાણાના વહીવટમાં રાજયના ઉદ્યોગ, શિક્ષણ, મહેસુલ, ગૃહ, શહેરી વિકાસ, હેલ્થ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને માર્ગ વાહન વ્યવહાર જેવા વિભાગો ટોપ ટેનમાં ગણવામાં આવે છે. આ અત્યંત ગુપ્ત રીતે પરંતુ રાજકીય નેતાઓ અને બ્યુરોક્રેટના જાહેરમાં ચાલતા ભ્રષ્ટાચારની વિગતો તો ત્યારે જ બહાર આવે છે જયારે જે તે ખાતાના કલાસ વન ઓફિસરની આસપાસ ફરજ બજાવતા અને ભ્રષ્ટાચારની રકમના ભાગ પાડવામાં પડતા વાંધાને કારણે આજ ભ્રષ્ટ અધિકારીઓના મળતિયા કર્મચારીઓ દ્વારા જ એ.સી.બી.ને ખોટા નામે પણ સાચા આધાર પુરાવા સાથે ફરિયાદ કરતા હોય તેમની તપાસમાં બધું સ્પષ્ટ બહાર આવે છે પણ અહીં મોટો પ્રશ્ન એ.સી.બી. દ્વારા તપાસ હાથ ધરતા પહેલા જે તે ઓફિસરના વિભાગના મંત્રાલયના સચિવ પાસે તેમને મળેલ તેમના વિભાગના ચોક્કસ ક્લાસવન અધિકારી સામેની ભ્રષ્ટાચાર અંગેની ફરિયાદના આધાર પુરાવા સાથે નિયમ મુજબના તેમના અભિપ્રાય બાદ તેની વધુ ઊંડાઈ પૂર્વકની તપાસ હાથ ધરવાની પરવાનગીની માંગણી જ સચિવ દ્વારા જ આપવામાં આવતી નથી અને જયારે આપવામાં આવે છે. તેની તપાસ બહુ સહેલાઈ પૂર્વક કરી શકાય છે કારણકે દરેક કર્મચારીને સરકાર દ્વારા જે પગાર, ભથ્થા આપવામાં આવે છે અને તેના આધારે તેમના દ્વારા દર વર્ષે ઈક્રમટેક્સ ભરવામાં આવે છે અને તે પણ જેતે ડિપાર્ટમેન્ટ દ્વારા તેમના કર્મચારીને આપવામાં આવતા ફોર્મ નંબર ૧૫ના સ્ટેટમેન્ટ ઓફ ઈક્રમના આધારે ગણાતા હોય તેનાથી વધુ રકમની મિલકતોને બેનામી કે અપ્રમાણસરની અને ભ્રષ્ટાચારના પૈસાથી ઉભી કરવામાં આવ્યાનું માનવાની અને ગણવાની સાવ સીધી સરળ ગણીતનો હિસાબ હોય. રાજયના એ.સી.બી. વિભાગે પણ વધુ તપાસ કરવાની જરૂરિયાત જ રહેતી નથી અને જો ખરેખર તેમના દ્વારા ઈમાનદારીથી તપાસ કરવામાં આવે તો કલાસવન અધિકારી દ્વારા રોજબરોજ પહેરવામાં આવતા બ્રાન્ડેડ કપડાંથી શરૂઆત કરી બધી જ વસ્તુઓ બેનામી મિલકતમાંથી ખરીદ કરાયેલ હોવાનું સ્પષ્ટ બહાર આવે જ છે. આ મિલકતને અપ્રમાણસરની મિલકત ગણી તેના ઉપર DA(ડિસ્પ્રોપોનેટ એસેટ)નો કેસ નોંધવામાં આવે છે. હવે સાચો ખેલ આ ભ્રષ્ટાચારમાં ભાગીદાર તેવા રાજકારણીઓ દ્વારા રચવામાં આવતો હોય તેમ રાજ્યના ક્લાસવન અધિકારીઓ સામે એ.સી.બી. દ્વારા DA કેસ નોંધી તેને સીલ બંધ કવરમાં પેક કરી જે તે ખાતાના મંત્રાલયને મોક્લવામાં આવે છે. હવે ત્યાંથી આગળ કાર્યવાહી કરવાની લીલી ઝંડી તપાસનીશ એજેન્સી એ.સી.બી.ને આપવામાં આવતી જ ના હોય આજ ભય, ભૂખ, ભ્રષ્ટાચાર મુક્ત રાજય બનાવવાની નીતિ વચ્ચે પ્રજાની હાલત કેવી અને કેટલી ભય, ભૂખ, ભ્રષ્ટાચાર મુક્ત છે તેનાથી સર્વે પ્રજા વિદિત જ છે. આ ભ્રષ્ટ કલાસવન, આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ દ્વારા તેમની મોટી રકમને સલામત રોકાણ કરાવા માટે તેને કેનેડા, અમેરિકા, બ્રિટન, UAE અને તુર્કી જેવા દેશોમાં રોકાણ કરવામા આવે છે. જેમાં અચલ સંપતી, પ્રોપર્ટી, શોપિંગ મોલ, પેટ્રોલપમ્પમાં રોકવામાં આવે છે. જે અંગે ખુદ બ્યુરોક્રેટમાં ચાલતી ચર્ચા મુજબ કુલ ૪૮માંથી શહેરી વિકાસ વિભાગના ૧૮, ગૃહ વિભાગના ૦૬, આરોગ્ય વિભાગના ૦૬, મહેસુલ વિભાગના ૦૬, ઉદ્યોગ વિભાગના ૦૫, શિક્ષણ વિભાગના ૦૪, માર્ગ અને મકાન વિભાગના ૦૩ મળી કુલ્લ ૪૮ પૈકીના બહુ જ ચર્ચાસ્પદ કિસ્સઓની પણ આશ્ચર્યજનક હકીકત આ મુજબ છે. એક કિસ્સામાં એક આઈ.પી.એસ. અધિકારી તો વિદેશમાં રહે છે અને ત્યાં એક શોપિંગ મોલ અને પેટ્રોલ પંપ બનાવી નાખ્યો છે. જ્યારે બીજા કિસ્સામાં ચાર આઈ.પી.એસ. અધિકારી હાલમાં ગાંધીનગર અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટમાં ભાગીદારી ધરાવે છે. ત્રીજા કિસ્સામાં ચાર કલાસ વન અધિકારીઓએ ક્રિપ્ટો કરન્સી અને સોનામાં મોટું રોકાણ કર્યુ છે. ચોથા કિસ્સામાં બે કલાસ વન અધિકારીઓએ ગાંધીનગર આસપાસ મોટી જમીનોની ખરીદી કરી છે. પાંચમાં કિસ્સામાં બે કલાસ વન અધિકારીએ તપાસના ડરથી વી.આર.એસ લઈ લીધું છે. જ્યારે ચાર અધિકારીઓ નિવૃત થઈ ગયા છે. હવે જે ચાર અધિકારીઓ ઉપર અપ્રમાણસર મિલકત ધરાવવાની કાયદેસરની ફરીયાદ એ.સી.બી. દ્વારા દાખલ કરવામાં આવેલ છે. તેમાં પ્રથમ ક્રમાંક ઉપર આવે છે રાજયની રાજધાની ગાંધીનગરના જીલ્લા કલેક્ટર એસ.કે. લંધા જેમણે ફરજ દરમ્યાન તો ભ્રષ્ટાચાર કરી કરોડો રૂપિયા કમાણા પણ સસ્પેન્ડ થયા બાદ પણ જૂની તારીખ નાખી બિન ખેતી જમીન કરવામાં કરોડો રૂપિયા ઉઘરાવ્યા અને હાલ મહેલના બદલે જેલમાં છે.

બીજા ક્રમાંક ઉપર આવે છે અમદાવાદના પૂર્વ ડેપ્યુટી સીટી ઈજનેર મનોજ સોલંકી કે જે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાઉસિંગ વિભાગમાં ફરજ બજાવતા ના હોવા છતાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાન ફાળવવામાં પોતાની જવાબદારી હોવાનું દર્શાવી એક અરજદાર પાસેથી આઠ લાખ રૂપિયાની માંગણી કરી હપ્તા પેટે એક લાખ રૂપિયા લેવા જતા પકડાયેલ છે. અહીં પણ આશ્ચર્ય જનક હકીકત તે છે કે આ ભાઈની ૧૯ વર્ષની નોકરી દરમ્યાન તેમના ઉપર છ વખત ખાતાકીય તપાસ થયેલ છે જે બાદ પણ તેમના ઉપર કોઈ ડિપાર્ટમેન્ટ એકશનના લેવાતા આ તેમનો ભ્રષ્ટાચાર ચાલુ રહેવા પાછળના કારણોમાં તેમના આ ભ્રષ્ટ વહીવટમાં સબકા સાથ સબકા વિકાસ જેમ સર્વેની ભાગીદારી હોવાનું સાબીત કરે છે. જયારે ત્રીજા ગુન્હેગાર વડોદરાને ચોમાસાની સીઝનમાં વધુ વરસાદ પડવાના કિસ્સામાં વડોદરાને પાણીમાં ડૂબાડનારા અને તેના માટે તેની ફરજ ટાઉન પ્લાંનિંગના કામમાં બેદરકારી દાખવી ટાઉન પ્લાનિંગને ધ્યાનમાં રાખ્યા વગર જ્યાં ત્યાં આડેધડ બિલ્ડીંગો બનાવાની મંજૂરી આપનાર વડોદરાના પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર કૈલાશ ભોયા છે. જયારે ચોથા કિસ્સામાં છે સમગ્ર દેશમાં ચકચાર જગાવનાર સળગતા ગેમઝોનને બીન અધિકૃત મંજુરી આપનાર રાજકોટના પૂર્વ ટાઉન પ્લાંનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા હાલ મહેલના બદલે જેલમાં બેઠા છે અને તેમના સાથે રહેલા સહભાગી ભ્રષ્ટાચારીને બચાવવાના કામે લાગેલા છે. આ આપણા આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને કલાસવન ઓફિસરના બહાર આવેલ ફક્ત ૦.૧% જેટલા ભવ્ય ભ્રષ્ટાચારના કિસ્સા સાબિતી આપે છે કે ભાજપ દ્વારા વર્ષ ૧૯૯૫માં આપવામાં આવેલ રાજ્યને ભય, ભૂખ, ભ્રષ્ટાચારથી મુક્ત કરવાના આપવામાં આવેલા વચનની આજ તેમની જ પાર્ટીના ત્રીસ વર્ષના સાશન બાદ શું છે ??!!

## માઘ પુર્ણિમાના દ્વારકામાં ગોમતી સ્નાન તેમજ દ્વારકાધીશના દર્શનાથે ભાવિકોનું ઘોડાપુર





(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૩ : યાત્રાધામ દ્વારકામાં માઘ પૂર્ણિમિંના દિવસે ભિવિકોનું ધોડાપુર ઉમટ્યુ હતું. વહેલી સવારે ભાવિકોએ ગોમતી સ્નાન કરવા પહોચ્યા હતા. સ્નાન બાદ સ્વર્ગ દ્વારા તેમજ મોક્ષ દ્વારે શ્રીજીના દર્શન કરવા ભક્તોની લાંબી કતારો લાગી હતી. વારદાર પુજારીએ દ્વારકાધીશજીને ગ્રીન વસ્ત્રો સાથે સોના ચાંદિના આભુષણો સાથે અલોકિક શિંગાર કરાયા હતા. સાંજે ઉત્થાપન દર્શન સમયે શ્રીજીને કુંડલાભોગ મનોરથ દર્શન યોજાયા હતા. સમગ્ર દિવસ દરમ્યાન હજારો ભાવિકોએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## ઉનાના કોબ ગામે ચાર લોકોએ દંપતિને મારમાર્યાની ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૩

ઊના તાલુકાના કાજરડી ગામે રહેતા અને મંડપ સર્વિસનો ધંધો કરતા દિલીપભાઈ ભાણાભાઈ ચારણીયા (ઊં.વ.૩૩) અને તેમના પત્ની કાજલબેન દિલીપભાઈ તેજ ગામમાં રહેતા તેમના ફઈના દીકરાના લગ્ન પ્રસંગમાં જતા હતા ત્યારે તેમને ઊના તાલુકાના કોબ ગામના કીર્તિ રાજુભાઈ બાંભણિયા, યાજ્ઞિક ભીમાભાઈ બાંભણિયા, મિલન અરજણભાઈ બાંભણિયા અને એક અજાણ્યો શખ્સ રે. તમામ કોબ વાળા આવી ઊભા રાખીને આરોપી કીર્તિ એ પૂછેલ કે તારા કાકાનો દીકરો અલ્પેશ મનુભાઈ ચારણીયા ક્યાં છે? તો દિલીપભાઈએ કહેલ કે મને ખબર નથી ક્યાં છે. તેમ જવાબ આપતા તે મન દુઃખ રાખી કીર્તિ અને ત્રણ આરોપીઓ એક સંપ કરી ભૂંડી ગાળો બોલી ઢીંકા પાટુનો અને લાકડાના ધોકા વડે માર મારતાં ફરીને હાથની આંગળીઓમાં ફેક્ચર કરી પત્ની પણ વચ્ચે પડતા તેમને પણ આંગળીઓમાં ઈજાઓ કરી હતી. આ ઝપાઝપીમાં ફરીએ ગળામાં પહેરેલ સોનાનો ચેન નંગ-બે, પત્ની કાજલએ પહેરેલ સોનાનું મંગળ સૂત્ર, કાનની સોનાની બુટી પડી ગઈ હતી. શોધવા છતા ના મળી હતી. આરોપીએ જતા જતા કહેલ કે અલ્પેશ ક્યાં છે. માહિતી આપજે નહિતર જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઊના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સારવાર માટે ઊનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ પી.એસ. આઈ.પી.જી. જોશી કરી રહ્યા છે.

### અવસાન નોંધ

શ્રી દશા સોરઠિયા વણિક જૂનાગઢ નિવાસી ગં.સ્વ.કુંદનબેન રમેશચંદ્ર ધ્રુવ(ઉ.વ.આ.૮૪)તે વિપુલ રમેશચંદ્ર ધ્રુવ, લીનાબેન તુષારભાઈ વખારીયા, મીનાબેન જયંતભાઈ પારેખના માતૃશ્રી તેમજ દિપના દાદીમાં તેમજ ધનવંતરાય મણિલાલ ધ્રુવ, જયોત્સનાબેન રમેશચંદ્ર વખારીયાના ભાભી તેમજ ભાવનાબેન વિપુલભાઈ ધ્રુવના સાસુ તેમજ બિપીનભાઈ લક્ષ્મીકાંત રાજકોટીયાના બહેનનું ગઈકાલે તા.૧૨-૨-૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા.૧૩-૨-૨૫ ગુરૂવારેના રોજ સાંજે ૪ થી ૫, સુર્ય મંદિર સરદારપરા મેઈન રોડ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.

## ટાટા મોટર્સે વર્ષ ૨૦૨૫ મોડેલ્સમાં ટિયાગો, ટિયાગો EV અને ટિગોરની નવી શ્રેણી રજૂ કરી



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૩

ટાટા મોટર્સે વર્ષ ૨૦૨૫ મોડેલ્સમાં ટિયાગો, ટિયાગો ઈફ અને ટિગોરની નવી શ્રેણી રજૂ કરી, હવે આ નવા મોડેલો નવી ટેકનોલોજી, નવી ડિઝાઈન અને નવા રંગો સાથે ઉપલબ્ધ રહેશે. ભારતની અગ્રણી SUV ઉત્પાદક ટાટા મોટર્સે ૨૦૨૫ મોડેલ ટિયાગો, ટિયાગો ઈફ અને ટિગોર માટે બુકિંગ શરૂ કર્યું. બુકિંગ માટે નક્કી કરવામાં આવેલી આકર્ષક પ્રારંભિક કિંમતો મુજબ ટિયાગો ૭૪.૯૯ લાખ, ટિયાગો EV ૭૭.૯૯ લાખ અને ટિગોર ૭૫.૯૯ લાખથી શરૂ થાય છે. વધુ માહિતી માટે, ગ્રાહક મિત્રો કંપનીની અધિકૃત વેબસાઈટ (cars. tata motors.com)ની મુલાકાત લઈ શકે છે અને તેમની રૂચિ નોંધાવી શકે છે. ટાટા મોટર્સ, તેની મજબૂત મલ્ટી-પાવરટ્રેન વ્યૂહરચના હેઠળ, ૨૦૨૫ મોડેલ ટિયાગો પેટ્રોલ, સીએનજી અને ઈલેક્ટ્રિક વેરિયન્ટ્સમાં અને ૨૦૨૫ મોડેલ ટિગોર પેટ્રોલ અને સીએનજી વેરિયન્ટ્સમાં ઓફર કરી રહી છે. બંને કાર MT અને AT વિકલ્પો સહિત ઉપલબ્ધ રહેશે. ટિયાગો આઈસીઈ - Product Note – Tata Tiago MY 2025.pdf, ટિયાગો-ઈવી - Product Note – Tata Tiago MY 2025.pdf વધુ માહિતી માટે ગ્રાહક મિત્રો ટાટા મોટર્સની અધિકૃત વેબસાઈટ-www. tata motors.comની મુલાકાત લઈ શકે છે અથવા નજીકના ડીલરશીપની મુલાકાત લઈ શકો છો અને તમારી મનપસંદ કાર બુક કરાવી શકો છો.


સંપૂર્ણ આયુર્વેદિક સારવાર
પૃથ્વીરાજ હોસ્પિટલ
આયુર્વેદ - પંચકર્મ
● તમામ પ્રકારનાં રોગો ● સાંધાનો દુઃખાવો ● સાયટીકા ● ચેતાતંત્રના રોગો
● માનસિક રોગો ● પક્ષઘાત ● માઈગ્રેન (આધાશીશી) ● અનિંદ્રા
ડો. મહિપતસિંહ ડોડીયા
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
P.K. VADSARIYA (Pyarubhai)
09426558708 09824256369 07698632214
Hotel Green Park RESORT - SASAN GIR
A Meal to Cherish A Place to Enjoy
JUNAGADH-SASAN ROAD, VILLAGE, BHALCHHEL (SASAN-GIR) DIST. JUNAGADH. (GUJARAT)-362 135
e-mail : hotelgreenpark1@gmail.com
Website : www.hotelgreenparksasangir.com
AMENITIES
■ AC Deluxe Rooms
■ AC Super Deluxe Rooms
■ Pure Veg. AC Restaurant
■ Swimming Pool
■ Conference Hall
■ Children Play Area
■ Party Plot
■ Destination Wedding Arrangement

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
સ્વાદની સોડમ એટલે...
તૃપ્તી
તૃપ્તી બ્રાન્ડ શુધ્ધ કપાસીયા તેલ તથા કુષ્ણા બ્રાન્ડ શુધ્ધ સીગતેલનાં ઉત્પાદક
શ્રી કૃષ્ણ ઓઈલ મીલ
શ્રી કૃષ્ણ એક્સપોર્ટ ઈન્ડસ્ટ્રીઝ
મજેવડી દરવાજા બહાર, જૂનાગઢ

# ખેડૂત અને ખેતી વિકાસની પ્રવૃત્તિઓ સહાયરૂપ થનાર ખેડૂતને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે

## સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડુતોએ ૩૧ ઓગસ્ટ સુધી અરજી કરવાની રહેશે

જૂનાગઢ, તા.૧૩

ખેડૂત પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ શતાબ્દી વર્ષ (૧૯૭૫) ની યાદમાં શરૂ કરવામાં આવેલ સરદાર સ્મૃતિ કેન્દ્રો પૈકીના જૂનાગઢ કેન્દ્રએ ૧૯૯૯-૨૦૦૦ નું વર્ષ રજત જયંતી વર્ષ તરીકે ઉજવેલ. આ પ્રસંગની યાદગીરી માટે અને કેન્દ્રની પ્રવૃતિઓનો વ્યાપ વધે અને બહોળો પ્રમાણમાં ખેડૂતો આ કેન્દ્રનો લાભ લેતા થાય એવા આશયથી સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂનાગઢ રજત જયંતી એવોર્ડ શરૂ કરવામાં આવેલ છે.

સરદાર સ્મૃતિ કેન્દ્રની ખેડૂત અને ખેતી વિકાસની પ્રવૃત્તિઓથી તથા પોતાની આગવી સૂઝ અને નવું અપનાવવાની સાહસવૃતિથી ઘણાં ખેડૂતો પ્રયોગશીલ બન્યા છે. આવી નવીનતમ તજજ્ઞતા અપનાવી વધુ ઉત્પાદનલક્ષી અભિગમ દાખવનાર તથા તેના ફેલાવામાં સહાયરૂપ થનાર એક ખેડૂતને આ એવોર્ડ આપી તેનું બહુમાન કરી પ્રોત્સાહિત કરવામાં આવનાર છે. વર્ષઃ ૨૦૨૪-૨૫ નો વિષયઃ "ખેતી પાકોમાં કાપણી પછીની માવજત અને મૂલ્યવર્ધન" આ એવોર્ડ સૌરાષ્ટ્ર વિસ્તાર (જૂનાગઢ, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર, રાજકોટ, ગીર સોમનાથ. દેવભૂમિ દ્વારકા અને મોરબી જીલ્લા) ના કોઈપણ એક ખેડૂતને આપવાનું નકકી કરવામાં આવેલ છે. આ એવોર્ડ માટે અરજી કરવા ઈચ્છતાં ખેડૂતોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, સંશોધન કેન્દ્રો તેમજ તેમની નજીકની સ્વૈચ્છીક સંસ્થાની ભલામણ સાથે તા. ૩૧/૦૮/ ૨૦૨૫ સુધીમાં મળી જાય તે રીતે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. (અરજી પત્રક જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ_.હ્ક્ષ્ઠ.હ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.) આ અંગે વધુ વિગત માટે મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (માહિતી), સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો સંપર્ક કરવાનું વિતરણ શિક્ષણ નિયામકની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકો માટે જરૂરી સુવિધા અને વ્યવસ્થાઓનું સ્થળ નિરીક્ષણ કર્યું

## કલેકટરે ભવનાથ તળેટી, દામોદર કુંડ, પાર્કિંગ સ્થળો, ટ્રાફિક પોઈન્ટ સહિતના સ્થળની મુલાકાત કરી : સંબંધિત અધિકારીઓને સમયસર કામગીરી પૂર્ણ કરવા જરૂરી સૂચનાઓ આપી



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ આજે મહાશિવરાત્રીના મેળા સંદર્ભે ભવનાથ તળેટી સહિત મેળાના વિસ્તારની સ્થળ મુલાકાત કરી જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. ભાવિકોની સુવિધાને અગ્રતા આપવા કલેક્ટરશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

કલેકટરે મજેવડી ગેટ, ભરડાવાવ, વાઘેશ્વરી મંદિર પાસેનું ગ્રાઉન્ડ, ગિરનાર દરવાજા, ભવનાથ પોલીસ સ્ટેશન પાસેનો વિસ્તાર, રવેડી રૂટ તેમજ ભવનાથ વિસ્તારની મુલાકાત કરી, યોગ્ય રીતે ટ્રાફિક નિયમન થઈ શકે તે માટે સંબંધીત અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત કલેક્ટરે ભવનાથ મહાદેવના દર્શન કરવાની સાથે મૃગીકુંડ ખાતેની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. અગાઉના વર્ષોના અનુભવ, મેળા દરમ્યાન ધ્યાનમાં આવેલી બાબતોને લક્ષમાં રાખીને સુવિધાને અગ્રતા આપવા પણ જણાવ્યું હતું કલેકટરે મહાશિવરાત્રીના મેળા સંદર્ભે પૂર્વ તૈયારીઓ અન્વયે ભવનાથ વિસ્તારની મુલાકાત કરી રસ્તા, સાફ સફાઈ, પીવાના પાણીની સુવિધાઓ, ટ્રાફિક નિયમન તેમજ અન્ય પ્રાથમિક સુવિધાઓ બાબતે સંલગ્ન અધિકારીઓ સાથે જરૂરી પરામર્શ કર્યો હતો. પબ્લિક એડ્રેસ સિસ્ટમ અને કોમ્યુનિકેશનમાં સુદ્રઢ વ્યવસ્થા અને રાઉન્ડ ધ ક્લોક કામગીરી માટે જણાવ્યું હતું. આ સ્થળ વિઝીટમાં મ્યુ.કમિશ્નર ઓમ પ્રકાશ, નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેક્ટર એન.એફ.ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશ્નર ઝાપડા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગડુ ગામના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતું પૂરક પોષણ અંગે ચકાસણી



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ (ગ્રામ્ય) તાલુકાના બગડુ ગામના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતી આઈ.સી.ડી.એસ.ની સેવાઓ અંગે આજરોજ પ્રોગ્રામ ઓફિસરશ્રી આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા ખરાઈ કરવામાં આવી હતી.

આંગણવાડી ખાતે બાળકોને આપવામાં આવતું પૂરક પોષણ સરકારશ્રી દ્વારા નિયત થયેલ મેનુ મુજબ આપવામાં આવે છે તે અંગે ચકાસણી કરવામાં આવી હતી સાથે આંગણવાડી કેન્દ્ર અને રસોડાની સ્વચ્છતા, પૂરક પોષણ માટે વપરાતી કાચી સામગ્રીની સફાઈ તેમજ ગુણવત્તા અને સરકારશ્રી દ્વારા આપવામાં આવતા સ્ટોકની જાળવણી વગેરે બાબતો અંગે આંગણવાડી કાર્યકરને જરૂરી સૂચનનો કરવામાં આવ્યા હતા.

આંગણવાડી ખાતે બાળકોને સરકાર દ્વારા નિયત ૧૭ થીમ મુજબ પુર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આંગણવાડી ખાતે ફળની થીમ આધારિત પૂર્વ પ્રાથમિક શિક્ષણની વિવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી સાથે દર મંગળવારે આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ લાભાર્થીને ધ્યાન રાખી મંગળ દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે. જેમાં બીજા મંગળવારના બાળતુલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના અનુસંધાને આંગણવાડી ખાતે નોંધાયેલા તમામ બાળકોના વજન ઊંચાઈ કરી તેમને વૃદ્ધિ અને વિકાસની ચકાસણી કરવામાં આવી હતી. આંગણવાડી કાર્યકર બહેનો બાળકોના વજન ઉંચાઈ ક્ષતિરહિત અને ચોક્કસાઈપૂર્વક લે તે માટે પ્રોગ્રામ ઓફિસર દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લાની આંગણવાડી સુચારૂ રીતે કાર્યરત રહે તે માટે પ્રોગ્રામ ઓફિસ દ્વારા આંગણવાડીઓનું નિયમિત સઘન મોનિટરિંગ કરવામાં આવે છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ ખાતે પંચદિવસીય ભારતીય ભાષાનુવાદ કાર્યશાળાનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૩

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ભારતીય ભાષા સમિતિ, દિલ્લીના આર્થિક સહયોગથી અને શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્લીના સહકારથી ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમ્યાન પંચદિવસીય ભારતીય ભાષાનુવાદ કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ, જેમાં પાંચ દિવસ દરમ્યાન ૨૦ વ્યાખ્યાનો થશે અને ૫૦ જેટલા પ્રતિભાગીઓ ભારતીય ભાષાઓના અન્ય ભાષામાં અનુવાદ માટેનું પ્રશિક્ષણ તથા માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

આ કાર્યશાળાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તા.૧૨-૨-૨૦૨૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી પરિસર, વેરાવળમાં આયોજિત કરવામાં આવ્યો. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાન્ત કુમાર સેનાપતિ, મુખ્ય-અતિથિ રૂપે જૈન વિશ્વવિદ્યાલય, બેંગ્લોરના પ્રાચ્ય-ઈતિહાસ-સંસ્કૃતિ કેન્દ્રના નિવૃત્ત આચાર્ય પ્રો.સિદ્ધાર્થ વાકણકર, નિમંત્રક તરીકે યુનિવર્સિટીના પ્રભારી કુલસચિવ પ્રો.લલિતકુમાર પટેલ, આયોજકો તરીકે અત્રેના અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ પ્રો.વિનોદ કુમાર ઝા અને યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રભારી પ્રધાનાચાર્ય ડૉ.પંકજકુમાર રાવલ, ગુણોત્કર્ષ વર્ષના સંયોજક/ પ્રોગ્રામ ઓફિસર ડૉ.જાનકીશરણ આચાર્ય, કાર્યશાળાના સંયોજકો ડૉ.વિપુલકુમાર જાદવ, ડૉ.રાહુલકુમાર ઝા અને ડૉ.રામકુમારી સહિત યુનિવર્સિટીના અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌપ્રથમ મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્યથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો. મંગલાચરણ બાદ કાર્યશાળાના સંયોજક ડૉ.વિપુલકુમાર જાદવ દ્વારા મંચસ્થ મહાનુભાવોના પરિચય સાથે ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરી કાર્યશાળાનું પ્રાસ્તાવિક રજૂ કર્યું. મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ, શાલ, મોમેન્ટો તથા કીટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રો.સિદ્ધાર્થ વાકણકરે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે- સંસ્કૃત એ ઉપદેશભાષા છે અને ભારતને ફરી વિશ્વગુરૂના પદ પર પહોંચાડવામાં સંસ્કૃતભાષા મુખ્ય આધારભૂત માધ્યમ છે. કાર્યક્રમના અધ્યક્ષ અને અત્રેની યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાન્ત કુમાર સેનાપતિએ અધ્યક્ષીય ઉદ્‌બોધન આપતા કહ્યું કે- ભાષા એ દરેક રાષ્ટ્રના વિકાસનું મુખ્ય માધ્યમ હોય છે. ભાષાનું આપણા જીવનમાં ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થાન હોય છે. ભારતીય ભાષા સમિતિ એ ભાષાના માધ્યમથી વિકસિત ભારતના સ્વપ્રને સાકર કરવામાં પોતાનું યોગદાન આપી રહી છે ત્યારે આપણે આ કાર્યશાળાના માધ્યમથી અનુવાદ કૌશલ્યને વિકસાવી આત્મનિર્ભર બની શકીએ અને ભારતની તમામ ભાષાઓમાં રહેલો સાહિત્યનો ખજાનો સમગ્ર વિશ્વ સુધી પહોંચાડી શકીએ. આપણે સૌએ આ પાંચ દિવસ દરમિયાન ભાષાનુવાદ અને ભાવાનુવાદ કૌશલ્યને વિકસિત કરી વિકસિત ભારતના અભિયાનમાં પોતાનું યોગદાન આપવાનું છે. ત્યારબાદ ડૉ.રાહુલકુમાર ઝાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કર્યો. સમગ્ર ઉદ્‌ઘાટન કાર્યક્રમનું મંચસંચાલન ડૉ.રામકુમારી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ જીલ્લામાં મતદાન તેમજ મત ગણતરી દિવસ નિમિતે 'ડ્રાય ડે' જાહેર કરાયો

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ નિમિતે આગામી તારીખ ૧૬/ ૦૨/૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે. ભારતના ચૂંટણીપંચની સ્થાયી સુચના અનુસાર ચૂંટણી દરમિયાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ તથા નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ચૂંટણીપંચની સૂચના મુજબ ચૂંટણી હેઠળના આજુબાજુના વિસ્તારોમાંથી એક સ્થળેથી બીજા સ્થળે દારૂની ગેરકાયદેસર હેરાફેરી ન થઈ શકે તે માટે જરૂરી પગલાં ભરવા તેમજ ''ડ્રાય ડે'' જાહેર કરવો આવશ્યક જણાય છે. હાલમાં જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં મૂકવામાં આવેલ છે. તેને ધ્યાનમાં રાખતા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અનિલકુમાર રાણાવસીયા, જૂનાગઢ દ્વારા 'ડ્રાય ડે' અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકા, બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી, માંગરોળ તથા ચોરવાડ નગરપાલિકાઓ તથા વંથલી તાલુકા પંચાયતના દુ-કણજા મતદાર મંડળ તથા જૂનાગઢ તાલુકા પંચાયતના ૧૫-પલાસવા મતદારમંડળના મતદાર વિસ્તારોમાં તારીખ ૧૪/૦૨/ ૨૦૨૫ ના સાંજના ૫:૦૦ કલાકથી તારીખ ૧૬/૨/૨૦૨૫ ના સાંજના ૦૭:૦૦ કલાક સુધી તેમજ મતગણતરીના દિવસે એટલે કે, તારીખ ૧૮/૨/૨૦૨૫ ના સમગ્ર દિવસ દરમ્યાન 'ડ્રાય ડે' જાહેર કરવામાં આવ્યો છે. દારૂના લાઈસન્સ હોલ્ડર સહિત કોઈએ પણ પ્રાંતીય,પરપ્રાંતીય કે દેશી દારૂનું કે અન્ય કોઈ પ્રતિબંધીત પીણાનું વેચાણ કે વિતરણ કરવું નહી. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર બનશે.

## ગુજરાત ટાઈટન્સને હવે ખરા અર્થમાં હોમ ગ્રાઉન્ડમાં લાવતું ટોરેન્ટ ગૃપ

# ટોરેન્ટ ગૃપ ગુજરાત ટાઈટન્સમાં બહુમતી હિસ્સો ખરીદશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૩

ઉર્જા અને આરોગ્ય ક્ષેત્રે રસ ધરાવતા વૈવિધ્યસભર બહુરાષ્ટ્રીય જૂથ, અમદાવાદ-સ્થિત ટોરેન્ટ ગ્રુપ ('ટોરેન્ટ')ની હોલ્ડિંગ કંપની ટોરેન્ટ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ **(TIPL)** દ્વારા ઈન્ડિયન પ્રીમિયર લીગ **(IPL)**ની જાણીતી અને લોકપ્રીય ફ્રેન્ચાઈઝ, 'ગુજરાત ટાઈટન્સ' (ઈરેલિયા સ્પોટર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ)માં બહુમતી (૬૭%) હિસ્સો ખરીદવા માટે લકઝમબર્ગ-સ્થિત **Irelia Company Pte Ltd** ('ઈરેલિયા') (**CVC** કેપિટલ પાર્ટનર્સ) સાથે નિર્ણાયક કરાર કરવામાં આવ્યો છે. આ કરાર વૈધાનિક શરતોની પૂર્તિ અને મંજૂરીઓને (**BCCI** સહિતની મંજૂરીને) આધીન છે. આ કરાર અંતર્ગત ઈરેલિયા ફ્રેન્ચાઈઝમાં ૩૩% નો નોંધપાત્ર લઘુમતી હિસ્સો જાળવી રાખશે. ભારતના અગ્રણી બિઝનેસ ગ્રુપ્સમાંના એક અને વૈશ્વિક સ્તરેપ્રખ્યાત એવા ખાનગી ઈક્વિટી ફર્મ વચ્ચેની આ વ્યૂહાત્મક ભાગીદારી, ભારતના રમતગમત ક્ષેત્રમાં તેના પ્રકારની પ્રથમ છે અને આગામી વિકાસ અને સહયોગ માટે આકર્ષક નવી તકો ખોલશે. આ પસંગે ટોરેન્ટ ગ્રુપના ડિરેક્ટર જિનલ મહેતાએ જણાવ્યું હતું કે, "ગુજરાત ટાઈટન્સ અને તેના લાખો ઉત્સાહી ચાહકોનું ટોરેન્ટ ગ્રુપમાં સ્વાગત કરવું અમારા માટે ખૂબ જ ગર્વની વાત છે. ભારતમાં જયારે રમતગમતને ખાસ મહત્વ પ્રાપ્ત થઈ રહ્યું છે. તેવા સમયે ટોરેન્ટ આ ક્ષેત્રમાં વિકાસની મોટી સંભાવનાઓ જુએ છે. ગુજરાત ટાઈટન્સમાં બહુમતી હિસ્સો મેળવવા સાથે, અમે અમારા ચાહકોના અનુભવને વધારવા અને આગામી વર્ષોમાં વિકાસના નવા માર્ગો ખોલવાની તક મેળવવા માટે ઉત્સાહિત છીએ. અમે ગુજરાત ટાઈટન્સ ટીમને આગળ ધપાવવા અને અમારા ચાહકો, ખેલાડીઓ અને અમારા કર્મચારીઓ - દરેક માટે કાયમી વારસો બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. બહુવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદન અને સેવાઓ પહોંચાડવા માટે ટોરેન્ટ જાણીતું છે. આ હસ્તાંતરણ દ્વારા રમતગમત ઉદ્યોગમાં શ્રેષ્ઠતાના નવા ધોરણો સ્થાપિત કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ." **CVC**ના મેનેજિંગ પાર્ટનર સિદ્ધાર્થ પટેલે આ અંગે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું. 'અમે આ કરારની જાહેરાત કરતા ઉત્સાહિત છીએ જે ભારતના સૌથી લોકપ્રિય રમત અને અમારી ટીમ, ગુજરાત ટાઈટન્સમાં એક નવા પ્રકરણની શરૂઆત દર્શાવે છે. ભારતીય ક્રિકેટમાં અમારી ભાગીદારી મજબૂત રીતે શરૂ થઈ, ગુજરાત ફ્રેન્ચાઈઝને હસ્તગત કરીને અમારી પ્રથમ સીઝનમાં આઈપીએલટાઈટલ જીત્યું અને



અમારી બીજી સીઝનમાં રનર્સ અપ તરીકે ઉભરી આવ્યા. **CVC** ના પાર્ટનર અમિત સોનીએ ઉમેર્યુંઃ "અમે ભારતના સૌથી આદરણીય બિઝનેસ ગ્રુપ્સમાંના એક, ટોરેન્ટ સાથે ભાગીદારી કરવાનો આનંદ અનુભવીએ છીએ. હવે અમે ટોરેન્ટ ગ્રુપનું સ્વાગત કરીને ખૂબ જ ખુશ છીએ અને આવનારા વર્ષોમાં ગુજરાત ટાઈટન્સ અને આઈપીએલ માટે વૃદ્ધિ અને વિકાસ માટે નવા રસ્તાઓ ખોલવા માટે આતુર છીએ".**CVC** ના મેનેજિંગ પાર્ટનર નિક ક્લેરીએ જણાવ્યું હતું કે, "મોટો **GP** અને ફોર્મ્યુલા-૧માં અમારા રોકાણ પછી **CVC**નો રમતગમતમાં રોકાણનો લાંબો ઈતિહાસ છે.

# આજે વિશ્વ રેડિયો દિવસ




વિશ્વ રેડિયો દિવસનો ઉદ્દેશ્ય રેડિયોના મહત્વ વિશે જનજાગૃતિ વધારવાનો અને નિર્ણય લેનારાઓને માહિતીની પહોંચ પ્રદાન કરવા માટે તેનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે અને બ્રોડકાસ્ટર્સ વચ્ચે આંતરરાષ્ટ્રીય સહકાર સુધારવાનો છે. અને તે કામ કરે છે. તે સૌથી વધુ લોકપ્રિય યુએન આંતરરાષ્ટ્રીય દિવસોમાંનો એક છે.

યુનેસ્કો ૧૩ ફેબ્રુઆરીના રોજ વિશ્વ રેડિયો દિવસની આવૃત્તિ ઉજવશે, જેની થીમ 'નવી દુનિયા, નવો રેડિયો - ઈવોલ્યુશન, ઈનોવેશન, કનેક્શન' હશે. તમે જ્યાં પણ હોવ, રેડિયો તમારી સાથે છે. મર્યાદિત, રેડિયો વિશ્વ માટે, આરોગ્યની માહિતી, શિક્ષણ, કળા, સાંસ્કૃતિક વિવિધતા માટે ખુલે છે.યુનેસ્કોના સભ્ય દેશો દ્વારા ૨૦૧૧માં ઘોષિત કરવામાં આવ્યો અને ૨૦૧૨માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે અપનાવવામાં આવ્યો, ૧૩ ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિવસ બન્યોરેડિયો તરંગો પર સંભળાતા સૌપ્રથમ અવાજ અને સંગીત સંકેતો ડિસેમ્બર ૧૯૦૬માં બ્રાન્ટ રોક, મેસેચ્યુસેટ્સ (બોસ્ટનની દક્ષિણે)થી પ્રસારિત થયા હતા, જ્યારે કેનેડિયન પ્રયોગકર્તા રેજિનાલ્ડ ફેસેન્ડેને તકનીકી નિરીક્ષકો અને કોઈપણ રેડિયો એમેચ્યોર માટે લગભગ એક કલાકની ચર્ચા અને સંગીતનું નિર્માણ કર્યું હતું. સાંભળવું.

૧ માર્ચ, ૧૯૪૧ના રોજ **W47NV** એ નેશવિલ, ટેનેસીમાં પ્રસારણ કરવાનું શરૂ કર્યું, જે પ્રથમ સંપૂર્ણ લાઈસન્સ પ્રાપ્ત કોમર્શિયલ એફએમ સ્ટેશન બન્યું. સ્ટેશનના માલિકો દ્વારા નવા એફએમ બેન્ડમાં નોંધપાત્ર રસ હતો, જો કે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બાંધકામ પરના પ્રતિબંધોએ નવી સેવાની વૃદ્ધિને મર્યાદિત કરી.પ્રથમ પ્રાયોગિક રેડિયો ટ્રાન્સમીટર અને રીસીવરો ૧૮૯૫-૧૮૯૬ ની આસપાસ ઈટાલિયન ગુગ્લિએલ્મો માર્કોની દ્વારા વિકસાવવામાં આવ્યા હતા અને રેડિયોનો ઉપયોગ ૧૯૦૦ ની આસપાસ વ્યાપારી રીતે થવા લાગ્યો હતો.રેડિયોનો પ્રારંભિક ઈતિહાસ એ ટેક્નોલોજીનો ઈતિહાસ છે જે રેડિયો તરંગોનો ઉપયોગ કરતા રેડિયો સાધનોનું ઉત્પાદન અને ઉપયોગ કરે છે. રેડિયોની સમયરેખામાં, રેડિયો જે બન્યું તેમાં ઘણા લોકોએ સિદ્ધાંત અને શોધનું યોગદાન આપ્યું. રેડિયોનો વિકાસ 'વાયરલેસ ટેલિગ્રાફી' તરીકે શરૂ થયો. પાછળથી રેડિયો ઈતિહાસમાં વધુને વધુ પ્રસારણની બાબતોનો સમાવેશ થાય છે

જૂન ૧૯૨૩માં રેડિયો કલબ ઑફ બોમ્બેએ દેશમાં સૌપ્રથમ પ્રસારણ કર્યું હતું. આ પછી પાંચ મહિના પછી કલકત્તા રેડિયો કલબની સ્થાપના કરવામાં આવી. ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની **(IBC)** ૨૩ જુલાઈ, ૧૯૨૭ના રોજ અસ્તિત્વમાં આવી, માત્ર ત્રણ વર્ષથી ઓછા સમયમાં લિક્વિડેશનનો સામનો કરવો પડ્યો.

- ડૉ.એચ.એમ.ગાજીપરા

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેજરીવાલ : એક યોદ્ધાથી સત્તાલોભી રાજકારણી

મરાઠીમાં એક કહેવત છે - 'ગઢ આલા પણ સિંહ ગેલા' એટલે કે ગઢ તો જીતી ગયા પરંતુ એ જંગમાં સેનાપતિનું બલિદાન થઈ ગયું, એટલે એ જીતને બહુ મોટી નથી માનવામાં આવતી. આ જ કહેવતને કેજરીવાલના સંદર્ભમાં જોઈએ તો દિલ્હી તેમનો ગઢ હતો, એ તો તેમણે ગુમાવ્યો જ, પરંતુ પોતે પણ હારી ગયા એટલે કે સેનાપતિ પણ ન રહ્યા. અલગ પ્રકારની વૈકલ્પિક રાજનીતિ અને તેના દ્વારા આમ લોકોને ખુશહાલ અને નવા પ્રકારના ભવિષ્યનાં સપનાં દેખાડીને રાજકારણમાં આવેલા અરવિંદ કેજરીવાલ માટે દિલ્હી વિધાનસભામાં બહુમત એક રીતે ગઢ એટલે કે કિલ્લો હતા. કેજરીવાલ એ કિલ્લો હવે ગુમાવી ચૂક્યા છે અને તેમના માટે ચિંતાની વાત છે કે ખુદ તેમની સાથે તેમના સેનાપતિ આ જંગમાં હારી ગયા છે. તો શું માની લેવું કે આંદોલનથી ઉપજેલી રાજનીતિનો દોર ખતમ થઈ ગયો છે? હાલમાં તો એમ માની લેવું કે આમ આદમી પાર્ટી ખતમ થઈ જશે, તે થોડું ઉતાવળું ગણાશે. પરંતુ ભૂતકાળનાં ઉદાહરણો જોઈએ તો સ્પષ્ટ લાગે છે કે કેજરીવાલ માટે રસ્તો હવે આસાન નહીં રહે.

અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન સાથે ઉભરેલી આમ આદમી પાર્ટીએ અલગ પ્રકારની રાજનીતિનો વાયદો કર્યો હતો. અન્નાના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને લઈને લોકોને કેટલી આશાઓ હતી કે અન્નાનું અનશન તો દિલ્હીમાં થઈ રહ્યું હતું, પરંતુ તેમને સમર્થન તો રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ, ગુજરાત, અરુણાચલ પ્રદેશ સુધીનાં દૂર-દૂરના ગામડાંમાં પણ મળી રહ્યું હતું. આમ આદમી પાર્ટીની રચના થઈ ત્યારે લોકોને આશા હતી કે તેમના દ્વારા દેશ અને તેમની જિંદગીમાં એવો પ્રકાશ ફેલાશે જેમાં તેમનું અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ હશે. આ જ આશાથી ૨૦૧૫ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીઓમાં દિલ્હીની જનતાએ ભરપૂર સાથ આપ્યો. પહેલાં ૬૭ અને પછી ૬૨ સીટો આપવી એક રીતે બહેતર અને ચમકીલા ભવિષ્યને લઈને જનઆકાંક્ષાઓનો ઉભાર હતો. ક્યારેય રાજકારણમાં નહીં આવવાના, ક્યારેય બંગલા-ગાડી નહીં લેવાના, વીઆઈપી કલ્ચર નહિ અપનાવવાના જૂઠ્ઠા વાયદા સાથે રાજકારણમાં આવેલા કેજરીવાલ ધીમે ધીમે આ બધું ભૂલી ગયા. બીજા કાર્યકાળમાં તો તેઓ ખુદને તાનાશાહની જેમ જ સ્થાપિત કરતા ગયા. જૂઠ્ઠાણા અને છેતરપિંડીની રાજનીતિને તેમણે પોતાની રાજકીય આદત બનાવી દીધી. પંજાબમાં આમ આદમી પાર્ટીની ભારે જીત બાદ તેઓ હવામાં આવી ગયા. પાર્ટીમાં માત્ર તેમનું જ ચાલતું હતું. લોકતંત્ર તો એ પાર્ટીમાં રહ્યું જ ન હતું. પાર્ટીને પહેલી આર્થિક મદદ આપનાર પ્રશાંત ભૂષણ, વૈચારિક આધાર તૈયાર કરનાર યોગેન્દ્ર યાદવ અને પ્રોફેસર આનંદ કુમારની સાથે તેમના સાથી કુમાર વિશ્વાસને પાર્ટીમાંથી પહેલાં જ હાંકી કાઢ્યા હતા. તેમની સાથે રહ્યા તેમના આંદોલનના દિવસોના સાથી મનીષ સિસોદિયા અને સ્વાતિ માલીવાલ. જોકે શાસનના આખરી દિવસોમાં જે રીતે મુખ્યમંત્રીના ઘરમાં જ પીટાઈ થઈ, તેણે કેજરીવાલના સ્વભાવની પોલ જ ખોલી નાખી. કેજરીવાલે પોતાના પહેલા કાર્યકાળમાં બેશક સારાં કાર્ય કર્યાં. મહોલ્લા ક્લીનિકનો વિચાર આપ્યો અને તેને લાગુ કરવાના પ્રયાસ કર્યા. શિક્ષણ અને સ્વાસ્થ્યનું બજેટ વધાર્યું, બસો યુનિટી સુધી વીજળી અને એક હદ સુધી પાણી મફતની રેવડીઓ પણ વહેંચી. મહિલાઓને મફત બસ યાત્રા કરી દીધી. પરંતુ તેની સાથે જ દિલ્હીમાં ભ્રષ્ટાચાર વધતો ગયો. બે વર્ષ પહેલાંની ચૂંટણીમાં નગર નિગમ પર પણ તેમનો કબ્જો થઈ ગયો. એના પહેલાં દિલ્હીની સફાઈ વ્યવસ્થા માટે નગર નિગમ પર પોતાનું નિયંત્રણ ન હોવાનું બહાનું બનાવતા હતા, પરંતુ હવે તો એ બહાનું પણ ન રહ્યું. દિલ્હી તો ગંદુ જ રહ્યું. દિલ્હીની લાઈફ લાઈન ગણાતી ડીટીસીની બસો ઘટતી ગઈ.

કેજરીવાલે હવાહવાઈ દાવા ખૂબ કર્યા. તેને કારણે તેમનાથી ફાયદો લેનારા લોકો પણ ખુશ ન હતા. ડીટીસી કર્મચારીઓ, બસોમાં તૈનાત માર્શલો વગેરેને સ્થાયી નોકરીઓનું ગાજર પકડાવ્યા બાદ કેજરીવાલ તેમને સ્થાયી નોકરી ન આપી શક્યા. શરૂઆતમાં તો તેમની બહાનાંબાજી ચાલી, પરંતુ બાદમાં લોકો સમજતા થયા કે આ તો ફેંકાફેંક જ કરે છે. ૨૦૨૨માં પંજાબમાં થયેલ વિધાનસભા ચૂંટણીમાં તેમણે મહિલાઓને હજાર રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ અત્યાર સુધી તેઓ આપી નથી શક્યા. પંજાબ રોડવેઝની બસોમાં મહિલાઓને મફત સગવડ આપવાને કારણે પંજાબ રોડવેઝ નુક્સાનમાં જાય છે. એટલે જ તેના કર્મચારીઓને મહિનાઓ સુધી પગાર નથી મળતો. દિલ્હીની જનતાની નજર આ બધા પર પણ હતી. તેની અસર એ થઈ કે કેજરીવાલ પરથી લોકોનો ભરોસો જ ખતમ થઈ ગયો.

છેલ્લી બે ચૂંટણીઓ સુધી કેજરીવાલ નેરેટિવ તૈયાર કરતા હતા અને વિપક્ષી તેનો જવાબ આપતા હતા. આ વખતે પણ મહિલાઓને ૨૧૦૦ રૂપિયા મહિને આપવા અને તેના માટે ફોર્મ ભરાવીને નેરેટિવ સ્થાપિત કરી દીધો હતો. પરંતુ બાદમાં ભાજપે તેનો તોડ કાઢ્યો. તેણે પોતાનો પંદર સૂત્રી કાર્યક્રમ રજૂ કર્યો. મહિલાઓને ૨૫૦૦ રૂપિયા મહિનાની સન્માન નિધિ આપવા અને ૨૦૦ને બદલે ૩૦૦ યુનિટ વીજળી ફ્રી આપવા જેવા એલાન કર્યા. તેની અસર વોટરો પર થઈ. આ દરમ્યાન ભાજપે ચૂંટણી પ્રબંધન માટે પોતાના તમામ મુખ્યમંત્રી અને ઉપ મુખ્યમંત્રીઓ ઉતારી દીધા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર્તા પણ સક્રિય થયા. બધાએ મળીને જમીની સ્તર પર કામ કર્યું. તેની અસર ચૂંટણીઓ પર દેખાઈ. કેજરીવાલની પાર્ટી જ નહીં, ખુદ કેજરીવાલ, તેમના નંબર-ટુ મનીષ સિસોદિયા, તિહાડવાળા સત્યેન્દ્ર જૈન અને 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મની ચર્ચા વખતે વિધાનસભામાં અટ્ટહાસ્ય કરનાર રાખી બિરલા પણ હારી ગઈ. ભાજપની જીતમાં કેટલીક હિસ્સેદારી કોંગ્રેસની પણ છે. જોકે તેને ગઈ ચૂંટણીની તુલનામાં માત્ર બે ટકા વધારે વોટ મળ્યા છે. પરંત કોંગ્રેસે કેજરીવાલના ભ્રષ્ટાચાર અને જૂઠ્ઠાણા વિરુદ્ધ માહોલ બનાવવામાં યોગદાન ચોક્કસ આપ્યું. દિલ્હીની સ્થિતિ બદલનાર શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિતે ખુલ્લેઆમ મોરચો ખોલી નાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે પોતાની માતાના અપમાનનો બદલો તેઓ ચોક્કસ લેશે. સંદીપ ખુદ કેજરીવાલ વિરુદ્ધ નવી દિલ્હી સીટ પરથી મેદાનમાં ઉતર્યા અને કેજરીવાલની હારની પટકથા લખવામાં મદદ કરી. કોંગ્રેસે પણ માની લીધું કે તેની અસલ દુશ્મન ભાજપને બદલે આપ છે, તેથી તેણે પોતનું તમામ ધ્યાન આપના ભ્રષ્ટાચાર અને તેના વિરુદ્ધ રાખ્યું. કેજરીવાલના શીશ મહેલનો સવાલ ભલે ભાજપે ઉઠાવ્યો, પરંતુ જે આબકારી નીતિ કૌભાંડમાં કેજરીવાલ જેલમાં ગયા હતા, તેનો ભંડાફોડ કોંગ્રેસના નેતા અજય માકને જ કર્યો હતો. સાદગીનો દેખાડો કરનારા કેજરીવાલનો શીશમહેલ જનતા પચાવી ન શકી.

હવે દિલ્હીમાં રાજકીય માહોલ બદલાઈ ચૂક્યો છે. હવે ભાજપ સામે જવાબદારીઓનું લાંબુ લીસ્ટ છે. તેની જવાબદારી છે કે તે રાજધાનીને ખુશહાલ જ નહીં, પર્યાવરણને અનુકૂળ અને સાફ પણ રાખે. કેજરીવાલ માટે આ ભારે ચિંતનનો સમય છે. તેમનો ગઢ પણ છીનવાઈ ગયો અને સેનાપતિ પણ ન રહ્યા, એવામાં સેનાનું ફરથી ઊભું થવું બહુ મુશ્કેલ છે.

'અજબ ગજબ કી પ્રેમ કહાની'નો અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો

# જાન પાછી ન વળી તો કલાકમાં જ આત્મહત્યા કરીશ: દુલ્હનની ધમકી

## આ કિસ્સામાં કન્યાપક્ષથી વિપરીત વરપક્ષે કાકલૂદી કરી હતી કે દુલ્હન ફક્ત ફેરા ફરીને અને એક કલાક માટે સાસરીમાં પગ મૂકે અને પછી પરત જતી રહે



(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૧૩

રાજ્યના પાટનગરમાં 'અજબ ગજબ કી પ્રેમ કહાની'નો અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હિન્દી ફિલ્મના પ્લોટને પણ ટક્કર મારે તેવા આ કિસ્સામાં દુલ્હને એક જ કલાકમાં આત્મહત્યાની ધમકી આપીને જાનને લીલા તોરણે વિદાય કરી દેતા આખું પ્રેમપ્રકરણ પ્રકાશમાં આવ્યું હતું. દુલ્હનની આત્મહત્યાની ધમકીના લીધે જાનૈયાઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. વરપક્ષને પહેલાં તો ખબર જ પડી ન હતી કે આખો કિસ્સો શું છે.


તેના પછી કન્યા પક્ષે તેમને વિગત જણાવતા તેઓ આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. આ કિસ્સામાં કન્યાપક્ષથી વિપરીત વરપક્ષે કાકલૂદી કરી હતી કે દુલ્હન ફક્ત ફેરા ફરીને અને એક કલાક માટે સાસરીમાં પગ મૂકે અને પછી પરત જતી રહી, પરંતુ દુલ્હન માની ન હતી. પોતાની વાત પર અડગ જ રહી હતી. ફક્ત એટલું જ નહીં તેણે ૧૮૧ પર ફોન કરીને અભયમને પણ બોલાવી લીધા હતા અને તેના કુટુંબીજનો તેને પરાણે પરણાવી રહ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

આના પગલે અભયમે આખી સ્થિતિ સમજી હતી અને સમજાવટનો દોર હાથમાં લીધો હતો. અભ્યમે દુલ્હનના કુટુંબીજનોને સ્પષ્ટ જણાવી દીધું હતું કે દુલ્હનની મરજી ન હોવાથી કંઈ ન થઈ શકે. તેમા પણ દુલ્હને જેને પરણવાની જીદ પકડી હતી તે પરીણિત છે બે સંતાનોનો પિતા છે અને કુંભના મેળામાં ગયેલો છે. અભયમે તેને ફોન કરીને જણાવતા તેણે જણાવ્યું હતું કે તે તેની પ્રેમિકા અને પત્ની બંનેને રાખવા તૈયાર છે.

આખા કિસ્સામાં ઘટનાક્રમ એવો હતો કે હાલમાં જેના લગ્ન થનારા છે તે યુવતી ચાર વર્ષ પહેલા અન્ય યુવકના પ્રેમમાં ગળાડૂબ હતી અને તે પરીણિત હતો. યુવતી પ્રેમીના પ્રેમમાં એટલી ગળાડૂબ હતી કે તેણે તેનું બધુ સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. પણ બંનેના પ્રેમનો ભાંડો ફૂટતા યુવતીના કુટુંબીજનોએ યુવતીના લગ્ન બીજે કરાવ્યા હતા.

બીજી બાજુ તેનો પરીણિત પ્રેમી પણ ગૃહસ્થીમાં વ્યસ્ત થઈ ગયો હતો અને તે બે સંતાનોનો પિતા પણ બની ગયો હતો. પણ આ યુવતીના કમનસીબે તેનો પતિ લફરેબાજ નીકળ્યો હતો. તેને પણ અન્ય સ્ત્રી સાથે સંબંધ હતા, તેના પગલે યુવતી પિયર પરત ફરી હતી. યુવતી પિયર પરત ફરતાં તેના જૂના પ્રેમે ઉછાળો માર્યો હતો.તેમના માટે લગ્ન શક્ય ન હોવાથી બંનેએ મૈત્રીકરાર કરીને અલગથી મકાન રાખીને સાથે રહેવાનું પણ શરૂ કરી દીધું હતું. પણ પ્રેમીની પત્ની અને યુવતીના કુટુંબીજનોને આ વાત કોઈ કાળે મંજૂર ન હતી. યુવતીના કુટુંબીજનોએ યુવતીને ઘણી સમજાવી, પરંતુ પ્રેમમાં અંધ બનેલી યુવતી કોઈ કાળે વાત સાંભળવા તૈયાર ન હતી.છેવટે યુવતીના કુટુંબીજનોએ યુવતીની સગાઈ કરાવી દીધી હતી. તે સમયે યુવતીએ કુટુંબીઓના દબાણના લીધે સગાઈ માટે સંમતિ આપી અને લગ્નની તૈયારી પણ દાખવી. તે લગ્નના દિવસે દુલ્હનના સ્વરૂપમાં તૈયાર પણ થઈ ગઈ. આખુ કુટુંબ પણ તૈયાર થઈ ગયું હતું. બધુ રંગેચંગે ચાલતું હતું અને ત્યારે જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો આ કિસ્સામાં પ્રવેશ થયો. અભયમના પ્રવેશ સાથે યુવતીનું કુટુંબ ચોંકી ગયું અને અભયમે તેમને આખી પરિસ્થિતિ સમજાવી. હવે યુવતીનો પ્રેમી તો તેને રાખવા તૈયાર છે, પરંતુ તેની પત્ની જરા પણ તૈયાર નથી. આમ યુવતીએ પહેલા પોતાના ઘરમાં ઘમાસાણ મચાવ્યા પછી હવે તેના પરીણિત પ્રેમીના ઘરમાં ઘમાસાણ મચાવ્યું છે. હવે રામાયણમાંથી મહાભારત બનેલા કિસ્સાનો અંત શું આવે છે તે જોવાનું રહ્યું.

# મીઠાપુર નજીક બે ટ્રક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ



(પ્રતિનિધિ દ્વારા)

જામ કંડોરણા તા.૧૩

ઓખા મંડળના મીઠાપુર નજીક આવેલા ભીમરાણા ગામના પુલ પાસે ગતરાત્રિના સમયે બે ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રકમાં જઈ રહેલા એક યુવાનનું લોહી લોહાણ હાલતમાં ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે અન્ય બે ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર અર્થે ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં એક વ્યક્તિની હાલત નાજુક હોવાથી વધુ સારવાર અર્થે જામનગર ખાતે ખસેડવામાં આવ્યો છે. આ અકસ્માતના પગલે નજીકના માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો. અકસ્માત સ્થળે ટ્રકના કાટમાળને હટાવવા જે.સી.બી.ની મદદ લેવી પડી હતી. આ બનાવ બનતા મીઠાપુર પોલીસે ઘટના સ્થળે દોડી જઈને જરૂરી કાર્યવાહી કરી હતી.

# ખંભાળિયામાં વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા : બે ની શોધખોળ



(પ્રતિનિધિ દ્વારા)

જામ કંડોરણા તા.૧૩

ખંભાળિયા પંથકમાં દારૂ, જુગાર સામે કડક હાથે કાર્યવાહી કરવા સંદર્ભે અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીમાં મંગળવારે ખંભાળિયા પોલીસ મથકના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા શહેરના પાંચ હાટડી ચોકમાં આવેલી એક દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં ગાયત્રીનગરમાં રહેતા સત્યરાજસિંહ જામભા જાડેજા (ઉ.વ. ૨૫) અને ચુનારાવાસમાં રહેતા પ્રવીણ ઉર્ફે પિન્ટુ ભીખુભાઈ ચોપડા (ઉ.વ. ૨૯) નામના બે શખ્સો દ્વારા વેંચાણ અર્થે ભાગીદારીમાં મંગાવવામાં આવેલી વિદેશી દારૂની કુલ ૬૦ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ દરોડામાં પોલીસે કુલ રૂપિયા ૪૩,૮૭૨ ની કિંમતના દારૂ તેમજ રૂા. ૧૦,૦૦૦ ની કિંમતના એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫૩,૮૭૨ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં અન્ય બે શખ્સો વિશ્વરાજસિંહ મયુરસિંહ પરમાર અને મયુર ચંદ્રવાડીયા નામના બે શખ્સોના નામ પણ સપ્લાયર તેમજ ભાગીદાર તરીકે ખુલવા પામ્યા છે. જેથી પોલીસે આરોપી સત્યરાજસિંહ જાડેજા તેમજ પ્રવીણ ઉર્ફે પીન્ટુ ચોપડાની અટકાયત કરી, અન્ય બે શખ્સોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા તથા સ્ટાફના હેમતભાઈ નંદાણીયા, સામતભાઈ ગઢવી, ભરતભાઈ જમોડ, દિવ્યરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા, કાનાભાઈ લુણા તથા અરજણભાઈ આંબલીયા દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢ : બાઈકમાં ખોટી નંબર પ્લેટ લગાડી ફરતો શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરના ગાંધી ચોક સર્કલ નજીક શહેર ટ્રાફીક શાખાના કોન્સ્ટેબલે બાઈકમાં ખોટી નંબર પ્લેટ લગાવી ફરતા શખ્સને ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ બી ડીવીઝન પોલીસ મથકે જૂનાગઢ શહેર ટ્રાફીક શાખાના પોલીસ કોન્સ્ટેબલ ભગીરથભાઈ નાથાભાઈએ કાટેલીયા સુરેશકુમાર દુર્લભભાઈ રહે.મધુરમ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈકમાં ખોટી નંબર પ્લેટ કોઈપણ રીતે આગળ પાછળ લગાડી ખોટુ હોવાનું જાણવા છતાં પોતાના ફાયદા માટે સાચા તરીકે ઉપયોગ કરતો હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયા પંથકમાં સગીરાની છેડતી તેમજ પરિવારજનો પર હુમલા પ્રકરણના ૪ આરોપીઓ ઝબ્બે



(પ્રતિનિધિ દ્વારા)

જામ કંડોરણા તા.૧૩

ખંભાળિયાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી વિદ્યાર્થીનીને પજવણી કરી, છેડતી કરવા તેમજ સમજાવવા જતા તેમના પરિવારજનો પર ચાર શખ્સો દ્વારા કરવામાં આવેલા હુમલાના પ્રકરણમાં પોલીસને તાકીદની કાર્યવાહી કરી, તમામ આરોપીઓને ઝડપી લીધા હતા. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે ખંભાળિયા તાલુકામાં રહેતી એક તરુણ વયની વિદ્યાર્થીનીને સમીર સલીમ સૈયદ નામનો શખ્સ અવારનવાર પીછો કરી અને છેડતી કરતો હતો. આ અંગે સગીરા દ્વારા તેણીના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને પરિવારજનો દ્વારા આરોપીના ઘરે જઈને સમજાવવા જતા આનાથી ઉશ્કેરાયેલા સમીર સલીમ સાથે ઈબ્રાહીમ ઉર્ફે ભોલો સલીમ સૈયદ, અજીત ઈબ્રાહીમ સૈયદ અને અમીર સલીમશા ફકીર નામના ચાર શખ્સોએ તેમને બીભત્સ ગાળો કાઢી અને લાકડાના ધોકા તથા રીક્ષાના સાયલેન્સર વડે હુમલો કર્યો હતો. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે સગીરાના પરિવારજનો દ્વારા ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદના અનુલક્ષીને પોલીસે છેડતી કરનાર આરોપી શખ્સ સામે પોક્સો એક્ટ તેમજ ઉપરોક્ત તમામ ચાર શખ્સો સામે મારામારી અને હુમલો કરવા સંદર્ભે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણમાં અહીંના ડીવાયએસપી વી.એમ. માનસેતાના માર્ગદર્શન હેઠળ પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી તાકીદની કાર્યવાહીમાં ઉપરોક્ત તમામ ચાર શખ્સોને ઝડપી લઈને કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેનું મન સંતોષી છે તેને સ્વર્ગના સુખથી વિશેષ સુખની પ્રાપ્તિ થાય છે.

- વેદવ્યાસજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા વદ-૧ ગાણગાપુર યાત્રા તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫, ગુરૂવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧૪, મઘા નક્ષત્ર, શોભન યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૪૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.
વૃષભ:મનમાં વ્યર્થ દુ:ખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
મિથુન:શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશના ભાગીદાર બનવુંપડે.
કર્ક: મનમાં અશાંતિ રહે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.
સિંહ: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.
કન્યા: ખોટો ખર્ચ કરવો પડે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
તુલા: લાભની તક સાંપડે. કાયમાં સફળતા અને પ્રગતિજનક દિવસ વિતે.
વૃશ્ચિક:પ્રિયજનથી મિલન, વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે.
ધન: કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
મકર: ધીરજ રાખવી હિતાવહ, નાણાંકીય લાભ થાય.
કુંભ: યાત્રા-પ્રવાસમાં લાભ થાય. મહેનતનું ફળ મેળવી શકશો.
મીન: મિલન-મુલાકાતમાં સફળતા, પુરૂષાર્થનું ફળ મળે.

# દ્વારકાના મનોદિવ્યાંગ બાળકોનો ખેલ મહાકુંભમાં અનેરી સિધ્ધિ

## ૧૪ ખેલાડીઓએ ૩૦ મેડલ જીત્યા : ૧૧ બાળકો રાજ્ય કક્ષા માટે ક્વોલિફાય



(પ્રતિનિધિ દ્વારા)

જામ કંડોરણા તા.૧૩

કલ્યાણપુર તાલુકાના નંદાણા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ખાસ ખેલ મહાકુંભમાં દ્વારકાની રાધે ડિફરન્ટલી એબલ્ડ સંસ્થાના વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. સંસ્થાના ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ વિદ્યાર્થીનીઓએ કુલ ૩૦ મેડલ જીતીને નવો કીર્તિમાન સ્થાપ્યો છે. જેમાં ૧૩ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં શ્રી ભડકેશ્વર યોગ ગ્રુપના ખેલાડી રાજ પંડ્યાએ ૧૦૦ મીટર, ૨૦૦ મીટર દોડ અને સાયકલિંગમાં ગોલ્ડ મેડલ મેળવ્યા છે. મિલન ઠાકરે ૧૦૦ મીટર દોડ અને ગોળાફેંકમાં સિલ્વર મેડલ જીત્યા છે. ખાસ કરીને, કિશન જિંદાણીએ સોફ્ટ બોલ થ્રોમાં સતત ૧૬મા વર્ષે ગોલ્ડ મેડલ મેળવી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે તેમજ બોચી ટીમ ગેમમાં સિલ્વર મેડલ પણ જીત્યો છે. સંસ્થાના ૧૧ બાળકો રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે. આ સફળતા પાછળ સંસ્થાના રસિકભાઈ છાયા અને સમગ્ર સ્ટાફનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. જિલ્લા રમતગમત અધિકારી પ્રજાપતિની આગેવાનીમાં વિપુલભાઈ ઓઝા, નરેન્દ્રભાઈ ઘઉવા, કમલેશભાઈ વૈષ્ણવ અને વિજયભાઈ વારોતરીયાએ આયોજનને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ટાટા કંપની દ્વારા તમામ વિજેતા ખેલાડીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હેલ્મેટ વગર નીકળેલા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ દંડાયા

## ૪૭ કેસમાં રૂપિયા ૨૩,૫૦૦ નો દંડ વસુલાયો




(પ્રતિનિધિ દ્વારા)

જામ કંડોરણા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી કચેરીઓ, જિલ્લા પોલીસ ભવન તથા જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા ટ્રાફિક પોલીસ શાખા દ્વારા કચેરીઓ ખાતે હેલ્મેટ પહેર્યા વગર આવતા કર્મચારીઓને સ્થળ દંડ આપવા અંગેની ડ્રાઈવ ગઈકાલે મંગળવારે યોજવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વમંગળવારે પાંડેયની સુચના મુજબ ખંભાળિયાના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ અહીંની તમામ સરકારી અધિકારી તથા કર્મચારી જવાબદાર નાગરિકને ઓળખ ધરાવતા હોવાથી તેઓ બીજા નાગરિક માટે "રોલ મોડલ" બને તેમજ હેલ્મેટ અંગેના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે હેતુથી મંગળવારે જિલ્લા ટ્રાફિક શાખા પી.એસ.આઈ. વી.એમ. સોલંકી તથા ટ્રાફિક પોલીસના જવાનો દ્વારા અહીંની સરકારી કચેરીઓ જિલ્લા પોલીસ ભવન તથા જિલ્લા સેવા સદન ખાતે હેલ્મેટ પહેર્યા વગર આવતા સરકારી કર્મચારીઓની કરવામાં આવેલી કાર્યવાહીમાં ૪૭ અધિકારી તથા કર્મચારી વાહન ચાલકોને સમાધાન શુલ્ક પાવતી આપીને રૂપિયા ૨૩,૫૦૦ નો હાજર દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ સાથે માર્ગ અકસ્માતના કારણે થતા મૃત્યુ તથા ગંભીર અકસ્માત અટકાવવા આ જિલ્લામાં તમામ કચેરીઓ તથા રોડ ઉપર હેલ્મેટ અંગેની ડ્રાઈવ આગામી દિવસોમાં પણ યોજી, કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી તમામ અધિકારીઓ, કર્મચારીઓ તથા જિલ્લાના નાગરિકોએ નોંધ લેવા જિલ્લા ટ્રાફિક પોલીસ વિભાગની એક યાદીમાં જણાવ્યું છે.

# રાજ્યમાં સાંકડા પુલ તથા સ્ટ્રક્ચર્સને પહોળા કરવા રૂા.૪૬૭.૫ કરોડ મંજૂર



ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને લોકોને અને ઉદ્યોગ વ્યાપારને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો અભિગમ હેઠળ મુખ્યમંત્રીએ રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રક્ચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ૪૬૭.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. નાગરિકોને વાહનવ્યવહાર માટે સરળ અને સલામત માર્ગો મળે તથા પરિવહન ઝડપી બનાવી શકાય તેવો હેતુ મુખ્યમંત્રીએ આ માર્ગો-પુલોના સ્ટ્રેન્ધનીંગ અને વાઈડનીંગમાં રાખ્યો છે. તેમણે આ અગાઉ સાંકડા પુલો-સ્ટ્રક્ચર્સને પહોળા કરવા ૨૦ રસ્તાઓના કામો માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે હવે વધુ ૧૧ માર્ગોને પહોળા કરવા ૪૬૭.૫૦ કરોડ રૂપિયા તેમણે માર્ગ-મકાન વિભાગને ફાળવ્યા છે. આના પરિણામે ૧૧ સ્થળોએ બોટલનેક પરિસ્થિતિનું નિવારણ આવશે તથા વધુ સુવિધાયુક્ત સલામત રસ્તા લોકોને મળશે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ૧૮૯.૯૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તદઅનુસાર, પાંચ રસ્તાની ૭.૪૫ કિ.મી લંબાઈમાં કાચાથી પાકા રસ્તા માટે અંદાજે રૂા. ૮.૮૦ કરોડ, ૮ માર્ગોની ૩૦.૬૮ કી.મી લંબાઈના મજબૂતીકરણ માટે રૂા. ૪૭.૩૦ કરોડ તેમજ ૧૬ માર્ગોની ૮૮.૫૦ કી.મી. લંબાઈને જરૂરિયાત મુજબ વાઈડનિંગ કરવા આસરે ૧૩૩.૭૦ કરોડ રૂપિયા ફાળવવા નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ દૂરોગામી નિર્ણયને પરિણામે ક્વોરી મટીરીયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. એટલું જ નહીં, ભવિષ્યમાં ઓદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતા ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતા આ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે. મુખ્યમંત્રીએ ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવા માર્ગોની જરૂરી સુધારણાના હેતુસર આ નાણાકીય વર્ષમાં રૂપકામો માટે ૧૪૬૯.૮૪ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે.

# ગાઝાનું પુર્નઃ નિર્માણ : ભારે ખર્ચ અને જટિલ પડકારો

(એજન્સી) તા.૧૩

ઈઝરાયેલના ચાલુ લશ્કરી હુમલાને કારણે ગાઝા પટ્ટી ખંડેર બની ગઈ હોવાથી, પેલેસ્ટિનિયન પ્રદેશના પુર્નઃ નિર્માણનું કાર્ય આધુનિક ઈતિહાસમાં સૌથી મુશ્કેલ પુર્નઃ નિર્મા પ્રયત્નોમાંનું એક હશે. ૭ ઓક્ટોબર ૨૦૨૩થી, સતત ઈઝરાયેલી હવાઈ હુમલાઓ અને બોમ્બમારો ગાઝાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરે છે, જેના કારણે તેના ૨.૩ મિલિયન રહેવાસીઓને ભયાનક વેદના અને વિનાશનો સામનો કરવો પડ્યો છે. ઈઝરાયેલી દળોએ ૧૫૭,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનોને મારી નાખ્યા અથવા ઘાયલ કર્યા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા, અને હજારો ઘરો, શાળાઓ અને હોસ્પિટલોને કાટમાળમાં ઘટાડી દીધા. ઈઝરાયેલ આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં નરસંહારના કેસનો સામનો કરી રહ્યું છે, જયારે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતે તેના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે. હવે, ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના તાજેતરના યુદ્ધવિરામ કરારને પગલે, વૈશ્વિક ધ્યાન ગાઝાના પુર્નઃ નિર્માણના ભયાવહ પડકાર તરફ વળ્યું છે. કરારનો ત્રીજો તબક્કો બહુવિધ દેશો અને સંગઠનોની દેખરેખ હેઠળ ગાઝાના પુર્નઃ નિર્માણને પ્રાથમિકતા આપે છે, અને નિષ્ણાતો ચેતવણી આપે છે કે આગળનો રસ્તો જટિલ અવરોધોથી ભરેલો છે -કાટમાળ દૂર કરવાના લોજિસ્ટિકલ દુઃસ્વપ્નથી લઈને પુર્નઃ નિર્માણના પ્રચંડ નાણાકીય બોજ સુધી બોજ માત્ર ૩૬૦ ચોરસ કિલોમીટર (૧૩૯ ચોરસ માઈલ)માં આવરી લેતી, ગાઝા પટ્ટીએ વિશ્વની સૌથી વિનાશક યુદ્ધ સમયની કેટલીક ઘટનાઓની યાદો જગાડી છે, જેમ કે બીજા વિશ્વયુદ્ધમાં ડ્રેસ્ડન ઉપર બોમ્બ વિસ્ફોટ અથવા હિરોશિમા અને નાગાસાકી ઉપર અણુ વિસ્ફોટ ધડાકા. સપ્ટેમ્બરમાં યુનાઈટેડ નેશન્સ સેટેલાઈટ સેન્ટર (UNOSAT) દ્વારા હાથ ધરવામાં આવેલા નુકસાનનું મૂલ્યાંકન જણાવે છે કે ગાઝામાં બે તૃતીયાંશ બાંધકામોને નુકસાન થયું છે. 'ગાઝા પટ્ટીમાં કુલ ૧૬૩,૭૭૮ માળખાં ક્ષતિગ્રસ્ત ઈમારતોના ૬૬ ટકા માટે જવાબદાર છે. આમાં ૫૨,૫૬૪ નાશ પામેલા માળખાં, ૧૮,૯૧૩ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત, ૩૫,૫૯૧ સંભવતઃ ક્ષતિગ્રસ્ત માળખાં અને ૫૬,૭૧૦ સાધારણ ક્ષતિગ્રસ્ત માળખાંનો સમાવેશ થાય છે.' સપ્ટેમ્બરમાં યુનોસેટના મૂલ્યાંકન મુજબ ગાઝા પ્રાંત સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર હતો, જેમાં ૪૬,૩૭૦ માળખાં પ્રભાવિત થયા હતા, જયારે ગાઝા શહેરમાં ૩૬,૬૧૧ માળખાંને નુકસાન થયું હતું, જેમાંથી ૮,૫૭૮ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. એપ્રિલ ૨૦૨૪માં યુએનના અગાઉના અહેવાલમાં અંદાજ લગાવવામાં આવ્યો હતો કે લગભગ ૩૭૦,૦૦૦ આવાસ એકમોને ઈઝરાયેલી બોમ્બમારાથી નુકસાન થયું હતું અને ૭૯,૦૦૦ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. અલગથી, હાઉસિંગ પર યુએનના વિશેષ દૂત બાલકૃષ્ણન રાજગોપાલે જણાવ્યું કે ગાઝાના ૬૦-૭૦ ટકાથી વધુ આવાસ નાશ પામ્યા છે.

# ફુગાવો ભયજનક સપાટી પાર કરી ગયો છે ત્યારે આમ આદમીની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે

અમદાવાદ તા.૧૩

આપણા દેશની મોટાભાગની વસ્તી ગરીબ અથવા નિમ્ન મધ્યમવર્ગમાં આવે છે. કરોડોની સંખ્યામાં રહેલા આ ભારતીયોની હાલત દિનપ્રતિદિન વધુને વધુ કફોડી બનતી જઈ રહી છે. એક તરફ મોંઘવારી તમામ મર્યાદાઓ તોડીને અનહદ વધી રહી છે જ્યારે બીજી તરફ આ કરોડો લોકોની આવકમાં કોઈ વધારો થઈ રહ્યો નથી. પરિણામે મોંઘવારીને કારણે ખર્ચ સતત વધી રહ્યો છે અને આવક એ જ જૂની રહી છે જેના કારણે પ્રજાનો આ મોટો વર્ગ હાલ ભારે આર્થિક તણાવમાં જીવી રહ્યો છે.

જથ્થાબંધ ફુગાવાના દરે ફરી એકવાર આંચકો આપ્યો છે. મોંઘવારીને કાબૂમાં રાખવી પહેલા કરતાં વધુ મુશ્કેલ બની ગઈ છે. જથ્થાબંધ ફુગાવાના તાજેતરના આંકડાઓએ આર્થિક વ્યવસ્થાપકોની ચિંતા વધારી દીધી છે. આનાથી ઉત્પાદકો ઉપર પણ દબાણ વધ્યું છે. કથિત તમામ પ્રયાસો છતાં, ડોલર સામે રૂપિયો સતત ઘટી રહ્યો છે તે ચિંતાનો વિષય છે જ ત્યારે ગ્રાહકોની ખરીદ શક્તિ પહેલા કરતા વધુ ઘટી ગઈ છે. તેથી બજારોમાં એવો ઉત્સાહ નથી જેવો ઉદ્યોગપતિઓવ્યાપારીઓ અપેક્ષા રાખતા હતા. આવી સ્થિતિમાં ફુગાવાના દરનો અર્થતંત્રની હાલત માટે સારો કહી શકાય નહીં. ગયા વર્ષે એપ્રિલથી ડિસેમ્બર સુધીના આંકડા દર્શાવે છે કે ફુગાવો સતત વધી રહ્યો છે. સમયાંતરે સીઝનેબલ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ ઈંધણ આધારિત ઉત્પાદનો અને બિન-ખાદ્ય વસ્તુઓના ભાવમા વધારો નિયંત્રિત થઈ શક્યો નથી. લાંબા સમય સુધી દેશનું ઉત્પાદન ક્ષેત્ર નબળું રહેવાનું પરિણામ એ આવ્યું છે કે જથ્થાબંધ ફુગાવો વધ્યો છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે તો ઉત્પાદનોના વધેલા ભાવનો બોજ ગ્રાહકો ઉપર પડશે. છૂટક ફુગાવામાં થોડો ઘટાડો થવા છતાં પણ રાહત મળવાની આશા ઓછી છે. જો કે, હાલમાં તે ચાર મહિનાના થોડા નીચલા સ્તરે છે પણ તેનાથી ખાસ ફાયદો થાય એમ નથી ગયા વર્ષે નવેમ્બરમાં તે ૫.૪૮ ટકા હતો, જે ડિસેમ્બરમાં ઘટીને ૫.૨૨ ટકા થયો. જ્યારે ઓગસ્ટમાં આ દર ૩.૬૫ ટકા હતો. આ સંદર્ભમાં, તાજેતરના ઘટાડાને સંતોષકારક કહી શકાય નહીં. આ બધા ડેટાના આધારે નાણાકીય નીતિ પંચ દરો ઘટાડવાનીસ્થતિમાં હશે કે કેમ તે શંકાસ્પદ છે. આમ છતાં, હાલના સંજોગો જોતા એમ કહી શકાય કે પંચની આગામી બેઠકમાં ઘણું દબાણ રહેશે. એવી આશંકા છે કે જથ્થાબંધ ફુગાવાની અસર છૂટક ફુગાવા પર નહીં દેખાય. એમાં કોઈ શંકા નથી કે સરકારના તાજેતરના આંકડાએ દરેક ગ્રાહકની ચિંતા વધારી દીધી છે જે પોતાનું ઘર ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. હાલમાં મોંઘવારીમાં સ્થિરતાની કોઈ આશા નથી, પરંતુ તેને સહન કરી શકાય તેવા સ્તરે લાવવાના પ્રયાસો તો કમસે કમ કરવા જોઈએ. બાકી હાલના સંજોગોમાં તો મોંઘવારી એટલી ફાટીને ધુમાડે ગઈ છે કે ગરીબ વર્ગની હાલત તો સાવ કફોડી છે જ પરંતુ મધ્યમવર્ગના પણ બે છેડા ભેગા થઈ રહ્યા નથી.




# JNUએ બહારના લોકોને હુક્કા પીવડાવવા બદલ બે વિદ્યાર્થીઓને રૂા.૧.૭૯ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

(એજન્સી) તા.૧૩

પીટીઆઈના અહેવાલમાં જણાવાયું છે, જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ અજાણ્યા વ્યક્તિઓને તેમના હોસ્ટેલ રૂમમાં બોલાવવા અને દારૂ અને હુક્કા પીવા બદલ કોલેજ સત્તાવાળાઓના ઝડપમાં આવી ગયા છે. વિદ્યાર્થીઓને કુલ રૂા.૧.૭૯ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જો તેઓ હોસ્ટેલમાંથી બહાર કાઢવામાં ન આવે તો તેમને હોસ્ટેલમાંથી કાઢી મૂકવામાં આવી શકે છે. હાલમાં જારી કરાયેલી સત્તાવાર નોટિસમાં તેમને પાંચ દિવસની અંદર દંડ ભરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થીને જારી કરાયેલી પૂર્વ નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે, તમારી ગેરહાજરીમાં તમારા રૂમમાં બાર અજાણ્યા વ્યક્તિઓ દારૂ પીતા અને હોસ્ટેલ પરિસરમાં ખલેલ પહોંચાડતા જોવા મળ્યા હતા. આ વર્તન હોસ્ટેલના નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે. વિદ્યાર્થીને ૮૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જેમાં બહારના લોકોના અનધિકૃત પ્રવેશ માટે ૬૦,૦૦૦ રૂપિયા, દારૂ પીવા માટે ૨,૦૦૦ રૂપિયા, ઈન્ડકશન સ્ટવ અને હીટર રાખવા માટે ૬,૦૦૦ રૂપિયા, હુક્કાના ઉપયોગ માટે ૨,૦૦૦ રૂપિયા અને આક્રમક વર્તન, સત્તાવાર બાબતોમાં દખલગીરી અને હોસ્ટેલ સ્ટાફને ધમકાવવા માટે ૧૦,૦૦૦ રૂપિયાનો સમાવેશ થાય છે. બીજી નોટિસમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ગયા વર્ષે ૨૨ ડિસેમ્બર અને ૫ જાન્યુઆરીના રોજ, બીજા વિદ્યાર્થીના રૂમમાં ઘણા બહારના લોકો હાજર હતા, જયાં દારૂ પીવામાં આવ્યો હતો. વોર્ડન કમિટી અને સુરક્ષા કર્મચારીઓએ તે સમયે તમારો રૂમ ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તમે દરવાજો ખોલ્યો નહીં. વિદ્યાર્થીને ૯૯,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો, બે વાર અનધિકૃત વ્યક્તિઓને પરવાનગી આપવા બદલ ૮૫,૦૦૦ રૂપિયા, દારૂ પીવા બદલ ૨,૦૦૦ રૂપિયા, હુક્કા રાખવા બદલ ૨,૦૦૦ રૂપિયા અને આક્રમક અને વિક્ષેપકારક વર્તન માટે ૧૦,૦૦૦ રૂપિયા. નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે ભવિષ્યમાં કોઈપણ ફરિયાદ અથવા ઉલ્લંઘનને કારણે તમને પૂર્વ સૂચના વિના હોસ્ટેલમાંથી તાત્કાલિક બહાર કાઢવામાં આવશે.

# શું ટ્રમ્પ પનામા કેનાલ દ્વારા વિસ્તરણવાદી ચીનને દારૂગોળો પૂરો પાડી રહ્યા છે ?

**પનામા કેનાલ ઉપર ડોનાલ્ડ ટ્રમ્પનું આક્રમક વલણ ખતરનાક ઉદાહરણ સ્થાપિત કરવાનું જોખમ ધરાવે છે, તે ચીનને તેની પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓને ન્યાયી ઠેરવવા માટે એક બ્લુપ્રિન્ટ આપી શકે છે, ટીકાકારો કહે છે કે, ટ્રમ્પનું વલણ તાઈવાન અને દક્ષિણ ચીન સમુદ્રમાં બેઈજિંગના વિસ્તરણવાદને પ્રોત્સાહન આપી શકે છે અને ચીનને લશ્કરી સંયમના દાયકાઓથી અમેરિકાના ઉપદેશને નબળો પાડી શકે છે**

(એજન્સી) તા.૧૩

ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા ત્યારે, તેમના શપથ ગ્રહણ ભાષણમાં ચીનનો સ્પષ્ટ ઉલ્લેખ હતો. ટ્રમ્પના વહીવટ અને બેઈજિંગ વચ્ચે ફોન કોલ્સ અને પડદા પાછળની ચર્ચાઓના અહેવાલો હોવા છતાં, રાષ્ટ્રપતિએ સ્પષ્ટ કર્યું કે ચીન તેમના નિશાના ઉપર છે. પનામા કેનાલ, જેનો ટ્રમ્પે દાવો કર્યો હતો કે તે 'ચીની નિયંત્રણ હેઠળ છે', તે ૮૨ કિલોમીટર લાંબા જળમાર્ગ ઉપરના તેમના દાવા માટે એક સાધન બની ગયું. ટ્રમ્પે કહ્યું કે અમેરિકાએ 'મૂર્ખતાપૂર્વક' પનામા કેનાલ પનામાને આપી દીધી છે. જોકે, ચીનનો સામનો કરવા માટે ટ્રમ્પ દ્વારા પનામા કેનાલનો ઉપયોગ તેના પડોશ અને તેનાથી આગળના વિસ્તારોમાં બેઈજિંગની વિસ્તરણવાદી મહત્વાકાંક્ષાઓને પ્રોત્સાહન આપી શકે છે. ટ્રમ્પે અજાણતાં જ દાયકાઓથી ચાલી આવતી ચીનને સંયમ શીખવવાની અમેરિકન નીતિનો વિરોધ કર્યો હશે અને તેના વિસ્તરણવાદી વલણને એક પ્રકારની કાયદેસરતા આપી હશે. પનામા કેનાલ ઉપર ટ્રમ્પનો દાવો બેઈજિંગને, જે તાઈવાન અને દક્ષિણ ચીન સમુદ્રના કાંઠાના દેશો સાથે વધુને વધુ અધીર અને લશ્કરી રીતે અડગ બની રહ્યું છે, તેના વિસ્તરણવાદી દાવાઓને મજબૂત બનાવવાની તક અને કાયદેસરતા આપી શકે છે. ટીકાકારો અને નિષ્ણાતો દલીલ કરે છે કે ટ્રમ્પ દ્વારા બળજબરીથી પણ પનામા કેનાલ ઉપર કબજો કરવાની ધમકીઓએ તાઈવાન ઉપર સંયમ રાખવાના અમેરિકાના લાંબા સમયથી ચાલતા આહવાનની વિશ્વસનીયતાને નબળી પાડી છે.

**રશિયા અને ચીનથી અમેરિકા કેવી રીતે અલગ છે, નિષ્ણાતોનું મંતવ્ય**

શપથ ગ્રહણના અઠવાડિયા પહેલા ટ્રમ્પ દ્વારા પનામા કેનાલ ઉપર દાવો કરવાની માંગણીએ નિષ્ણાતોમાં પહેલેથી જ ચિંતા ઉભી કરી હતી, જેના કારણે તેઓ પ્રશ્ન કરવા લાગ્યા હતા કે તે ચીન અને રશિયાના પગલાંથી કેવી રીતે અલગ હશે. આ મહિનાની શરૂઆતમાં ન્યૂ યોર્ક સિટી સ્થિત પત્રકાર ગેરાલ્ડો રિવેરાએ ઠ પર લખ્યું હતું કે,'રશિયાના પુતિને યુક્રેન ઉપર આક્રમણ કર્યું અને કહ્યું કે તે યોગ્ય રીતે તેમનું છે. ચીન તાઈવાનને જોડવા માટે હિંસાની ધમકી આપે છે. ટ્રમ્પ પનામા અને ગ્રીનલેન્ડને કબજે કરવા માટે બળનો ઉપયોગ કરવાની શક્યતાને નકારી કાઢતા નથી. તેઓ તેમનાથી કેવી રીતે અલગ છે?', હા, ટ્રમ્પે તો એમ પણ કહ્યું હતું કે તેઓ પનામા કેનાલને ફરીથી મેળવવા માટે બળનો ઉપયોગ કરવામાં અચકાશે નહીં, જેનો તેમણે આરોપ લગાવ્યો હતો કે તે ચીનીઓ દ્વારા નિયંત્રિત છે અને



આરોપ લગાવ્યો હતો કે લેટિન અમેરિકન રાષ્ટ્ર પનામાએ ૧૯૭૭ના ટોરિજોસ-કાર્ટર સંધિઓના 'આપણા સોદાના હેતુ અને ભાવના'નું ઉલ્લંઘન કર્યું છે. સંધિઓ હેઠળ, અમેરિકાએ ૧૯૯૯ સુધીમાં પનામાને નહેરનું નિયંત્રણ સોંપી દીધું. આ સંધિઓએ નહેરની તટસ્થતાની ખાતરી આપી અને જો જરૂરી હોય તો તેનો બચાવ કરવા માટે અમેરિકાને હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપી. ટ્રમ્પે અગાઉ પનામા પર જળમાર્ગનો ઉપયોગ કરવા માટે 'અમેરિકન જહાજોને વધુ પડતો ચાર્જ' કરવાનો આરોપ મૂક્યો હતો. ટ્રમ્પે સંધિઓને 'મૂર્ખાઈ' પણ કહી હતી જેણે પ્રદેશમાં અમેરિકાના પ્રભાવને ઓછો કર્યો હતો. ન્યુ યોર્ક શહેર સ્થિત પત્રકાર રિવેરા દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતા, કે ટ્રમ્પ લશ્કરી શક્તિના આધારે સાર્વભૌમ પ્રદેશ ઉપર વિસ્તરણવાદી દાવા કરે છે, તેવો જ એક અન્ય વોશિંગ્ટન ડીસી સ્થિત પત્રકાર દ્વારા પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**શું ટ્રમ્પના રિમાર્ક્સ ચીનને બળનો ઉપયોગ કરવાની તક આપશે?**

CNN એન્કર જીમ સ્યુટ્ટોએ ગ્રીનલેન્ડ અને પનામા અંગે ટ્રમ્પના કાર્યો અને રેટરિકના સંભવિત પરિણામો ઉપર પ્રકાશ પાડ્યો હતો. જીમ સ્યુટ્ટોએ X ઉપર લખ્યું કે,'ગ્રીનલેન્ડ અને પનામા માટે ટ્રમ્પના પ્રતિબંધો અને લશ્કરી ધમકીઓથી ચીન અને રશિયાને સંદેશ એ છે કે જો યુએસ બીજા રાષ્ટ્રના સાર્વભૌમ પ્રદેશ પર કબજો કરવા માટે બળ અને ષડયંત્રનો ઉપયોગ કરી શકે છે, તો તેઓ તાઈવાન અને યુક્રેન માટે પણ આવું જ કરી શકે છે, અને તેઓ તે દાવાઓ સ્વીકારવાની નવી અમેરિકન ઈચ્છા વાંચી શકે છે,'. વર્ષોથી, યુ.એસ.એ ચીનને તાઈવાન પર પોતાનો દાવો રજૂ કરવામાં 'સંયમ' રાખવા અને લોકશાહી રીતે શાસિત ટાપુને તેના નિયંત્રણ હેઠળ લાવવાના હેતુથી લશ્કરી ધમકીઓને છોડી દેવા હાકલ કરી હતી. આ મહિનાની શરૂઆતમાં મીડિયાના એક અહેવાલ મુજબ, ચીની ટીકાકારો ચેતવણી આપે છે કે ટ્રમ્પની અપરંપરાગત યુક્તિઓ યુએસ વિશ્વસનીયતાને નબળી બનાવી શકે છે, સશક્ત બનાવી શકે છે અને 'ચીન માટે રસ્તો ખોલી શકે છે'. હોંગકોંગ સ્થિત પ્રોફેસર વાંગ જિઆંગ્યુએ વેઈબો ઉપર પોસ્ટ કરતા ટાંક્યું હતું કે,'જો ગ્રીનલેન્ડ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ભેળવવામાં આવે છે, તો ચીને તાઈવાન લેવું જ પડશે,'. પનામા કેનાલ પર દાવો કરવા ઉપરાંત, ટ્રમ્પે તેમના શપથ ગ્રહણ પહેલા કેનેડા અને ઉત્તર એટલાન્ટિકમાં ડેનિશ શાસિત ગ્રીનલેન્ડ ટાપુ ઉપર પણ દાવો કર્યો છે. શાંઘાઈમાં ફુદાન યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝના પ્રોફેસર ઝાઓ મિંગહાઓએ જણાવ્યું હતું કે પનામા કેનાલને લઈ જવાની ટ્રમ્પની ધમકીઓને ગંભીરતાથી લેવાની જરૂર છે. મિંગહાઓને મીડિયા દ્વારા ટાંકવામાં આવ્યું હતું કે,'આ ઉપરાંત, આપણે ટ્રમ્પના ટ્રાન્સનેશનલિઝમ વિશે વિચારવાની જરૂર છે, જેના વિશે તેઓ પણ ગંભીર છે. ચીનમાં ઘણા લોકો હજુ પણ ટ્રમ્પને તાઈવાન પ્રશ્ન જેવા ખૂબ જ મુશ્કેલ મુદ્દાઓ ઉપર પણ સોદાબાજ તરીકે માને છે'' હાલમાં, કેનાલમાંથી પસાર થતા લગભગ ૭૦% જહાજો અમેરિકન વેપારમાં સામેલ છે.

**શું ચીન ખરેખર પનામા કેનાલ ઉપર નિયંત્રણ ધરાવે છે ?**

પેસિફિક અને એટલાન્ટિક વચ્ચે મુસાફરી કરતા જહાજોના અંતરને ઘટાડવા માટે અમેરિકાએ ૧૯૦૪ અને ૧૯૧૪ની વચ્ચે પનામા નહેરનું નિર્માણ કર્યું. આ જળમાર્ગે અમેરિકા અને યુરોપના પૂર્વીય દરિયાકાંઠાને એશિયામાં મોકલવામાં આવ્યા. આ સુરક્ષાને ટ્રમ્પે ચીનની હાજરી અને સંડોવણીનો દાવો કરીને નહેર પરના પોતાના દાવાનો આધાર બનાવ્યો છે. ટ્રમ્પના દાવાઓને પનામા સરકાર દ્વારા જોરદાર રીતે નકારી કાઢવામાં આવ્યા. મીડિયાના અહેવાલ મુજબ ચીન નહેરનું નિયંત્રણ કે સંચાલન કરતું નથી, પરંતુ હોંગકોંગ સ્થિત સીકે હચિસન હોલ્ડિંગ્સની પેટાકંપની લાંબા સમયથી નહેરના કેરેબિયન અને પેસિફિક પ્રવેશદ્વારો ઉપર બંદરોનું સંચાલન કરે છે જોકે, એ પણ એક હકીકત છે કે પનામા ૨૦૧૭માં ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)માં જોડાનાર પ્રથમ લેટિન અમેરિકન દેશ બન્યો અને બેઈજિંગ આ ક્ષેત્રમાં વધતી જતી હાજરી ધરાવે છે. પનામામાં ચીનની સંડોવણી ૨૦૧૬માં શરૂ થઈ હતી જ્યારે બેઈજિંગની સરકારી માલિકીની કંપની COSCOએ વિસ્તૃત નહેર દ્વારા તેનું પ્રથમ જહાજ મોકલ્યું હતું. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, તે જ વર્ષે, ચીનના લેન્ડબ્રિજ ગ્રુપે માર્ગારીટા ટાપુ ઉપર પનામાનું સૌથી મોટું એટલાન્ટિક બંદર ૯૦ કરોડ ડોલરમાં હસ્તગત કર્યું. મીડિયાના અહેવાલ મુજબ, ૨૦૧૮માં, બે ચીની કંપનીઓએ પનામામાંથી પસાર થતી નહેર પર ચોથો પુલ બનાવવા માટે $1.42 બિલિયનનો કરાર જીત્યો. ફક્ત ટ્રમ્પ જ નહીં, તેમના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ પણ આ મહિનાની શરૂઆતમાં પનામા નહેર ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રૂબિયોએ જણાવ્યું હતું કે નહેર સોંપવામાં સક્ષમ બનાવેલી દલીલ 'ઉલ્લંઘન' છે.

### આ વખતની મહાનગરપાલિકા જૂનાગઢની સામાન્ય ચુંટણીમાં

# મતદારોના મગજમાં એક નવતર પ્રકારની વિચારધારાનો જન્મ થયો છે

## કે... આ વખતની ચુંટણીમાં મારો મત ભાજપને તો નહીં જ? કારણ! કાયાપલટ થશે પણ કોની?

## ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ સહિતના ઉમેદવારોના કાર્યાલયો ખુલી ગયા છે પરંતુ આ વખતે ભાજપના ઉમેદવારોના કાર્યાલયોમાં આંટાફેરા કરનારા કાર્યકરોમાં જોઈએ તેવો ઉત્સાહ, ઉમંગ કેમ દેખાતો નથી? ભાજપ મોવડી મંડળને મુંઝવતો મસમોટો પ્રશ્ન!

**મહાનગરની ચુંટણી ધમાસાણ-૭**
**-ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)**

કાયાપલટ..! થઈ કે હવે પછી વધુ થશે? પણ કોની? એવા વેધક પ્રશ્ન સાથે જૂનાગઢ મહાનગરપાલિકાની આ વખતની સામાન્ય ચુંટણીમાં મહાનગરના ઉચ્ચકક્ષાના બૌધ્ધીક શ્રેષ્ઠી મતદારોથી લઈને સામાન્ય વર્ગના મતદારોના મગજમાં એક નકારાત્મક વિચારધારાનો જન્મ થયો હોય તેમ..!

આ વખતે મારો 'પવિત્ર મત' ભાજપને તો નહીં જ! શા માટે? કારણ? એક નહી અનેક સ્પષ્ટ કારણો બધા લોકોની નજર સામે જ હોવાથી કોઈ એક બીજા દલીલ કે વધુ ચર્ચા કરતા જોવા મળતા નથી. ટુંકમાં આ વખતની ચુંટણીમાં મતદારો એક અલગ પ્રકારની વિચારધારા સાથે એકબીજાને કહી રહયા છે કે, આ વખતે મારો મત ભાજપને તો નહીં જ!

મહાનગરના ગત વખતના ભ્રષ્ટ મનાતા ભાજપના શાસન અને સિધ્ધાંતનિષ્ઠ મનાતા ભય, ભુખ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના ધ્યેયનિષ્ઠ મનાતા ભાજપ ઉપર છેલ્લા પાંચેક વર્ષથી કબ્જો જમાવીને બેસી ગયેલા મુઠ્ઠીભર સંગઠનના હોદેદારોના ઈશારે થયેલા સામાન્ય વહીવટના કારણે ઐતિહાસિક મહાનગરી એવા જૂનાગઢ લગભગ રામભરોસા પર છોડી દેવામાં આવી હોય તેમ વિકાસના નામે આડેધડ ખોદાણો અને તે પણ દિવસો નહિ મહિનાઓ સુધી ચાલુ રહેતા મહાનગર રીતસરનું 'ખાડાનગર'માં ફેરવી નાખેલ હોવાથી મહાનગરનો એક પણ વિસ્તાર નહિ હોય કે ભાજપના અણધડ વહીવટ સાથે કરવામાં આવતા વિકાસના કામો માટે કરવામાં આવતા ખોદાણો, ખાડાઓના કારણે ત્યાંના રહીશો પરેશાન ન હોય.!

તે તો ઠીક જો ખરેખર વિકાસ જોઈતો હોય તો થોડી ઘણી વત્તા-ઓછી મુશ્કેલીઓ તો વેઠવી જ પડે તે સમજી શકાય પરંતુ એ વિકાસ એવો તો ન હોવો જોઈએ કે જે લોકોના જાન, માલ સામે વિનાશ નોતરે.!

કોઈપણ જાતના આગવા આયોજન વગર એક માત્ર સરકાર દ્વારા વિકાસ માટે આપવામાં આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટ સુઆયોજન વગર આડેધડ વાપરવી તે ગંભીર બાબત છે અને તેની નોંધ માત્ર બૌધ્ધીક સમાજ શ્રેષ્ઠી એવા શિક્ષિત નાગરીકો જ નહિ પરંતુ સામાન્યમાં સામાન્ય માનવી પણ લેતો હોય તેમ આ વખતની ચુંટણીમાં કોઈપણ ભોગે કહેવાતા કે પછી ભાજપ પર કબ્જો જમાવીને બેસી ગયેલા મનાતા ભ્રષ્ટ વૃત્તિના ભાજપીયાઓની બરાબરની શાન ઠેકાણે લાવવા એક નવી વિચારાધારા સાથે મનમાં મોટાભાગના મતદારોએ પ્રથમથી જ એટલે કે ચુંટણી આવે તે પહેલા જ વાળી લીધી હોય તેમ 'આ વખતે મારો મત તો ભાજપને નહીં જ..!'

આ સુત્ર સાથે એક મોટી સાયકોલોજી છે કે આ વખતે મારો મત ભાજપને તો નહીં જ! તેનો સિધ્ધો અર્થ એ થાય કે સામાવાળાને આડકતરી રીતે જવાબ આપવો જ પડે? અથવા કારણ પુછવું જ પડે! પરંતુ આ વખતે કોઈ કોઈ મતદાર સામે જવાબ પણ આપતા નથી કે કારણ પણ પુછતા નથી. કારણ એક નહિ હજારો કારણ મતદારો પાસે રહેલા છે. એટલું જ નહિ આવું સાંભળનારા મતદારોએ પણ એવીજ મનમાં ગાંઠ વાળી લીધી હોય તેમ સામસામા હાથ મિલાવી મારો મત પણ આ વખતે ભાજપને તો નહીં જ! એવો વળતો જવાબ આપતા મહાનગરની ચુંટણી ધમાસાણ અને ઉમેદવારોના ઘોંઘાટીયા પ્રચાર પડઘમ વચ્ચે પણ સ્પષ્ટ સંભળાતા જોવા મળે છે.

જે હોય તે પણ ભાજપના મોવડી મંડળ સુધી આ સંબંધી કોઈ ખાનગી અહેવાલ પહોંચતા ગાંધીનગરમાં બિરાજતા ભાજપના આગેવાનોની ઉંઘ હરામ કરી નાખી હોય તેમ પ્રદેશ ભાજપના મહામંત્રી રત્નાકર એક આટો તો જૂનાગઢમાં મારી ગયા બાદ એકાદ બે દિવસમાં પુનઃ પધારે તો નવાઈ નહીં.!

મહાનગરનો બરાબર જામેલ ચુંટણી ધમાસાણ અને લોકોમાં ભભુકતો ગત વખતના ભાજપના ભ્રષ્ટ શાસનનો રોષ છતાં પણ કહેવાતા કે પછી ભાજપ પર કબ્જો જમાવીને બેસી ગયેલ એક 'ત્રિપુરી' લાજવાને બદલે ગાજતી હોય કે પછી મહાનગરના મતદારોને મુર્ખ માનતા હોય તેમ વિકાસના નામે મહાનરગમાં વેરેલા વિનાશને હજુ પણ જૂનાગઢની કાયાપલટ ગણાવીને કહેવાતા કલમઘસુ એવા બની બેઠેલા પત્રકારોની કલમને ખરીદી લઈને એવા ભ્રામક સમાચારો વહેતા કર્યા છે કે 'કાયાપલટ ભાજપના પ્રયાસોથી જૂનાગઢ બનશે નવોઢા જેવું નવું જૂનાગઢ..' તે સામે સ્વયંભુ મતદારો એવંમ્ લોકોમાં એવું સુત્ર વહેતું થયું છે કે, કાયાપલટ થશે કે કરશે? કોની? નગરની કે પછી..?


**છેલ્લે..છેલ્લે..**

જૂનાગઢ મનપાની ચુંટણીમાં દરેક વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ, અપક્ષ અને અન્ય બીજા પક્ષોના ઉમેદવારોમાં ધમધમી રહેલા કાર્યાલયો સામે આ વખતે ભાજપના ઉમેદવારોના કાર્યાલયો ઘણાજ ફિકકા લાગતા હોય તેમ મોટાભાગના ભાજપના સંનિષ્ઠ કાર્યકરો, આગેવાનોમાં જે હર્ષ ઉલ્લાસ દેખાવો જોઈએ તે દેખાતો જોવા મળતો જ નથી! તેના પણ અનેક કારણ પૈકી ઉમેદવારોની કરવામાં આવેલી પસંદગી અને તેના કારણે થયેલો અન્યાય મનાય છે. જૂનાગઢ ભાજપ પર કબ્જો જમાવીને બેસી ગયેલા મુઠ્ઠીભર સંગઠનના હોદેદારોએ ટીકીટ વહેંચણીમાં ભારે મોટી મનમાની કરી હોવાની લાગણી સાથે પ્રથમ કડીયા પ્રજાપતિ સમાજ અને બાદમાં જૂનાગઢના સમસ્ત લેઉવા પટેલ પાટીદાર સમાજમાં રોષની લાગણી ફેલાયેલ જોવા મળે છે. જે હોય તે! ચુંટણી છે! અને તેમાંય ગંદા રાજકારણથી અભડાતી જતી ચુંટણીમાં આવું બધું હવે આશ્ચર્યજનક રહયું નથી.! પણ આ વખતની ચુંટણીમાં જૂનાગઢ મહાનગરના બહુમત મતદારોનો મિજાજ કંઈક નવું રાજકીય સમીકરણ સર્જે તેવો જોવા, જાણવા મળે છે કે, આ વખતે મારો મત તો ભાજપને નહીં જ! શા માટે? કારણો? શુ કહેવા કે લખવા તે લોકશાહીના આધારસ્થંભ એવી ચોથીજાગીર એવંમ્ સંનિષ્ઠ ફરજનિષ્ઠ એવા પત્રકારોની કલમ શરમ અનુભવે તેવા એક-એકથી ચડીયાતા કારણો લોકોમાં અત્ર, તત્ર અને સર્વત્ર ચર્ચાય છે તે થોડામાં ઘણું કહી જાય છે. આ વખતે મારો મત તો ભાજપને નહીં જ...!!

### આજે વિશ્વ રેડિયો દિવસ...

# વેરાવળના એક રેડિયો ચાહક પાસે ૩૫૦ થી પણ વધુ રેડિયોનું કલેકશન

## મારા માટે રેડિયો દુઃખ -દર્દ દુર કરવાનું પેઈન કીલર છે : માલદે દાસા



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૩

આજ સમગ્ર દેશ વિશ્વ વિશ્વ રેડિયો દિવસ. ઉજવી રહ્યો છે. એ જાણવું રસપ્રદ થશે કે વેરાવળના ૬૦ ફુટ રોડ ઉપર યોગેશ્વર સોસાયટીમાં રહેતા માલદે દાસા મેર અજબ ગજબના રેડિયો ચાહક છે. જેમની પાસે ૩૫૦ થી પણ વધારે દેશ વિદેશના રેડિયો છે. બધા રેડિયો ચાલુ અવસ્થામાં છે. બાળપણથી તેમને રેડિયો સાંભળવાનો અને સંગ્રહ કરવાનો શોખ છે. તેમના સંગ્રહમાં શાર્પ, ઝેનિથ, નેશનલ પાનાસોનીક, ફિલિપ્સ, મેરફી, ગ્રેડિંગ જર્મની વગેરે અનેક કંપનીઓના અને વિવિધ દેશના રેડિયો છે. તેમણે પોતાની મોબાઈલ રિંગટોન પણ આકાશવાણીની રેડિયો ટ્યૂન રાખી છે. માલદેભાઈએ સાથીદારોનો સહકાર લઈ વેરાવલમાં. Fm રેડિયો. સ્ટેશન બને તે માટે ૫૦૦૦ પોસ્ટકાર્ડ મોકલીને ઝુંબેશ ચલાવી હતી અને જેના પરિપાક રૂપે તેમજ તંત્રના સહકારથી આજે વેરાવળમાં fm સ્ટેશન છે. વેરાવળના માલદે ભાઈએ દેશ વિદેશનાં સ્ટેશનો સાંભળી શકાય તે માટે અગાસીમાં ખાસ ખરચો કરી. એન્ટના પણ. લગાવ્યું છે. વેરાવળ વિદ્યુત નગર સોસાયટીમાં રહેતા દિનેશ વૈદ્ય કહે છે, મારાં ઘરમાં. ટીવી. છે. પણ જ્યાં સુધી રેડિયો ન સાંભળું ત્યાં સુધી મને ચેન જ ન પડે મારી પાસે જુના ૨ રેડિયો પણ છે.

### શું ફરી એક વાર ઠંડીનો રાઉન્ડ આવશે?

# દેશનાં હવામાનમાં થઈ શકે છે ફેરફાર

# અનેક રાજયોમાં વરસાદ ખાબકશે

નવી દિલ્હી તા.૧૩

હવામાન સતત બદલાઈ રહ્યું છે. ઉત્તર ભારતમાં ઠંડીની લગભગ વિદાય થઈ ચુકી છે. આવું એટલા માટે કેમ કે હળવી ઠંડી હવે ફક્ત સવાર અને સાંજે જ દેખાય છે.

આખો દિવસ તડકો રહેવાના કારણે ગરમી અનુભવાઈ રહી છે. ફેબ્રુઆરી મહિનામાં આવી ગરમી મે જૂનમાં પડવાની ગરમીના સંકેતો આપી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, જમ્મુ કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા થઈ, તો વળી સિક્કિમ, આસામ અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવો વરસાદ નોંધાયો. ઓડિશાના અમુક ભાગમાં ગાઢ ધુમ્મસ જોવા મળી હતી.

હવામાન વિભાગે પૂર્વી ભારતના અમુક રાજયોમાં વરસાદની સંભાવના વ્યકત કરી છે. સ્કાઈમેટ વેદરના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકની અંદર, અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષાની સાથે એક બે જગ્યા પર ભારે વરસાદ અથવા બરફવર્ષા થઈ શકે છે. તો વળી ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, લદાખ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના અમુક ભાગમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા, આસામ, સિક્કિમ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ થઈ શકે છે.

સ્કાઈમેટ વેદરના રિપોર્ટ અનુસાર, આ સમયે એક પશ્ચિમ વિક્ષોભ એક્ટિવ છે. તેના કારણથી રાજસ્થાન અને તેની આજુબાજુના વિસ્તારમાં એક ચક્રવાતી પરિસંચરણ બનેલું છે.

પૂર્વોત્તર બાંગ્લાદેશમાં પણ ચક્રવાતી હવાઓનો પ્રભાવ જોવા મળી શકે છે. વેબસાઈટના અનુસાર, પૂર્વી ભારતના અમુક રાજયોમાં ન્યૂનતમ તાપમાનમાં આગામી ૨૪ કલાક દરમ્યાન વધારો થશે. પણ ત્યાર બાદ ઘટાડો થઈ શકે છે. ઉત્તર પશ્ચિમી અને મધ્ય ભારતના ન્યૂનતમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય.

આગામી ૪૮ કલાકમાં દેશના સાત રાજ્યો, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં ક્યાંકને ક્યાંક વરસાદ થવાની સંભાવના છે. તો વળી પશ્ચિમ બંગાળમાં પણ હળવો વરસાદ થઈ શકે છે. અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને બરફવર્ષાથી હવામાનમાં બદલાવ જોવા મળશે.

# ચણાકા (ઉમરાળી) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦માં નેશનલ કક્ષાએ પહોંચ્યા




(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ, તા.૧૩

ભેસાણ તાલુકાની, શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર-ચણાકા(ઉમરાળી) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ રાજ્ય સરકારની ઝોન કક્ષાની ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ માં નેશનલ કક્ષા માટે પસંદગી પામી હતી. ગુજરાત સરકારના,ગુજકોસ્ટ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્જિનિયરિંગ એન્ડ મેથ્સ પ્રત્યે જાગૃતતા વધે અને બાળકોમાં રહેલ આવડતને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે જી્ઈસ ક્વિઝ નું આયોજન કરવામાં આવે છે. STEM ક્વીઝ એક અનોખી પ્રવૃત્તિ છે જે શિક્ષણ,આનંદ અને સ્પર્ધાને જોડે છે.જેમાં સમગ્ર દેશના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.આ કવીઝ નો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક રીતે જાગૃત બને અને રોજિંદાકાર્યમાં STEMને જોડે તેઓ છે. આ ક્વિઝથી વિદ્યાર્થીઓના વિચાર પ્રક્રિયા અને સમસ્યા હલ કરવાની કુશળતા વિકસે,તેવા ઊંડા હેતુ પણ રહેલા છે.પહેલા શું હતું,અત્યારે શું છે અને ભવિષ્યમાં શું હોઈ શકે, તેની નવી સમજ સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે.ટીમ બિલ્ડિંગ, પ્રેઝન્ટેશન વગેરે જેવી સોફ્ટ સ્કીલનો વિકાસ થાય છે. આવા ઊંડા ઉદ્દેશોની સાથે સાથે વિદ્યાર્થીઓને ૨ કરોડ રૂપિયા સુધીના ઈનામો પણ આપવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સૌપ્રથમ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે. આ સમગ્ર પ્રક્રિયાનું સંપૂર્ણ માર્ગદર્શન વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પૂરું પાડવામાં આવે છે.સૌપ્રથમ શાળાના વિદ્યાર્થીઓએ આ STEM QUIZ 3.0 જિલ્લા કક્ષાની ઓનલાઈન મોડમાં આપેલી હતી.જેમાં દરેક તાલુકા માંથી ૧૦ વિદ્યાર્થીઓ પસંદ થતા હોય છે.જેમાં ભેસાણ તાલુકા કક્ષાએ ૧૦ માંથી ૯ વિદ્યાર્થીઓ ચણાકા -ઉમરાળી-માધ્યમિક શાળાના પસંદ પામેલ હતા, અને ઝોન કક્ષાની સ્ટેમ ક્વિઝ રમવા માટે રિજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ ખાતે રમવા ગયેલ હતા. આ સ્પર્ધામાં પાંચ જિલ્લાના ૨૮૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો હતો. જેમાંથી ભેસાણ તાલુકામાંથી ૪ વિદ્યાર્થીઓ ગ્રાન્ડ ફાઈનાલિસ્ટ થયાં અને તેઓ ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ માટે ૧લી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ શાળાના શિક્ષિકા સુશ્રી મીરાબેન વૈશ્નવ સાથે અમદાવાદ ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ ગ્રાન્ડ ફાઈનલ રમવા ગયેલ હતા.

ભેંસાણ તાલુકાના ચણાકા-ઉમરાળી ગામની શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર માધ્યમિક શાળાના શિક્ષકા સુશ્રી મીરાબેન વૈશ્રવ,જેઓ શાળામાં ગણિત-વિજ્ઞાન વિષય લે છે અને તાલુકાના કો-ઓર્ડીનેટર પણ છે,જેમના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓ નેશનલ ગ્રાન્ડ ફાઈનલમાં શાળાનું પ્રતિનિધિત્વ કર્યું. ઝોન કક્ષાની આ સ્પર્ધામાં ગયેલ ૯ વિદ્યાર્થીઓ ખુમાણ આરતી-ટેબ્લેટ, રામાણી મીત-૩ડી પ્રિન્ટર, શીલુ પ્રિયા-વોઈસ કીટ, ડોબરીયા મિતાલી-ટેલિસ્કોપ, બાળધા જશ્મી-ટેલિસ્કોપ, જાદવ નિરૂપા-ટેલિસ્કોપ, પાનસુરીયા જેનીષા-રોબોટિક્સ કીટ, જાદવ પાયલ-રોબોટિક્સ કીટ, ડોબરીયા ચાંદની-ડ્રોન કીટ વગેરે એ ૬૫-૭૦,૦૦૦ સુધીના ઈનામો જીતીને લાવેલ છે. ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં પણ આ શાળાના ૮ વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્ટેમ ક્વિઝ રમવા ગયેલ હતા.જેમાંથી ૩ વિદ્યાર્થીઓ નેશનલ ગ્રાન્ડ ફાઈનલ માં પસંદ થયા હતા.અને ૧ વિદ્યાર્થી સેમી ફાઈનલ રાઉન્ડ સુધી સ્ટેમ ક્વિઝ રમેલ હતો. અને બધા ૩૦-૪૦,૦૦૦ સુધીના ઈનામો જીતી લાવેલ હતા.આ વર્ષે પણ ચણાકા-માધ્યમિક શાળામાંથી ૨૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૧ શિક્ષિકા,ગણિત-વિજ્ઞાન ક્ષેત્રે વિવિધ સ્પર્ધામાં રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યા.ભેસાણ તાલુકા વહીવટી તંત્ર દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મામલતદારશ્રી આઈ. આર. પારગી સાહેબના હસ્તે દરેકને શિલ્ડ અને પ્રમાણપત્રો આપી આ વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ઉમરાળી સંચાલક મંડળના પ્રમુખ જશકુભાઈ શેખવા અને ચણાકા ગામના સરપંચ હરેશભાઈ રામાણીએ શુભેચ્છા આપી આ ઉત્તમ સિદ્ધિને બિરદાવી હતી.શાળાના આચાર્ય આર. આર. ઢોલરીયા તથા શાળા પરિવાર એ શુભેચ્છા પાઠવ્યા હતા અને હજુ પણ ગણિત-વિજ્ઞાન ક્ષેત્રે ગામનું અને તેમના માતા-પિતાનું નામ રોશન કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

### NASA એ આપ્યા સારા સમાચાર

# સુનિતા વિલિયમ્સ જલદી પૃથ્વી પર પાછી ફરશે!

નવીદિલ્હી,૧૩

અંતરિક્ષમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સની વાપસીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. નાસા અને સ્પેસએક્સ એજન્સીના સ્પેસએક્સ ક્રૂ-૯ અંતરિક્ષ યાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને શક્ય તેટલી વહેલી તકે સુરક્ષિત રીતે પાછા લાવવા માટે ઝડપથી કામ કરી રહ્યા છે.

NASAએ જાણકારી આપી છે કે, બંને અંતરિક્ષ યાત્રીઓને નિર્ધારિત સમય પહેલા પૃથ્વી પર પાછા લાવી શકાય છે. બંને અંતરિક્ષ યાત્રીઓ ગત વર્ષે જૂનથી અંતરિક્ષમાં ફસાયેલા છે.

NASAએ મંગળવારે કહ્યું કે, સ્પેસએક્સ આગામી અંતરિક્ષ યાત્રીની ઉડાન માટે કેપ્સૂલ બદલશે જેથી બુચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સને માર્ચના અંતમાં અથવા એપ્રિલની શરૂઆતમાં નહીં, પરંતુ માર્ચના મધ્યમાં પૃથ્વી પર પરત લાવી શકાય.

બુચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સ જૂન ૨૦૨૪માં બોઈંગના સ્ટારલાઈનર અવકાશ યાનમાં સવાર થઈન ISS માટે રવાના થયા હતા.

બંને અંતરિક્ષ યાત્રીઓને અંતરિક્ષમાં માત્ર ૧૦ જ દિવસ વિતાવવાના હતા. સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા બાદ નાસા અને બોઈંગે અંતરિક્ષ યાનની સમસ્યાઓને વધુ સારી રીતે સમજવા માટે અઠવાડિયા સુધી કામ કર્યું પરંતુ આખરે નક્કી કર્યું કે સ્ટારલાઈનરને ક્રૂ સાથે પરત કરવું ખૂબ મુશ્કેલ છે.

નાસાએ મંગળવારે જણાવ્યું કે, એજન્સીનું ક્રૂ-૧૦ લોન્ચ હવે મિશનની તૈયારીઓ પૂર્ણ થયા પછી અને એજન્સીની ફ્લાઈટ રેડીનેસ પ્રક્રિયાની માન્યતા પૂર્ણ થયા પછી ૧૨ માર્ચે કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ સતત સુનિતા વિલિયમ્સની વાપસી અંગે માહિતી લઈ રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રૂથ સોશિયલ' પર જણાવ્યું હતું કે તેમણે ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સને માર્ચના અંત સુધીમાં બંને અંતરિક્ષ યાત્રીઓની વાપસી સુનિશ્ચિત કરવા કહ્યું છે.

આશા છે કે તેઓ બધા ત્યાં સુરક્ષિત હશે. આ અંતરિક્ષ યાત્રીઓ લાંબા સમયથી વાપસીની રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ ઈલોન મસ્કે પણ પોતાની એક પોસ્ટમાં કહ્યું છે કે, આ ખૂબ જ ભયાવહ છે કે બાઈડેન વહીવટીતંત્રે આ અંતરિક્ષ યાત્રીઓને લાંબા સમયથી ત્યાં છોડી દીધા છે.

# જૂનાગઢ મનપાનાં વોર્ડ નં.૧માં કોંગ્રેસનાં ઉમેદવારોને મળતો વ્યાપક આવકાર







જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારોનું પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહયું છે ત્યારે વોર્ડ નં.૧માં કોંગ્રેસનાં ઉમેદવારોને મતદારો તરફથી વ્યાપક આવકાર મળી રહયો છે. જૂનાગઢ મનપાની ચૂંટણીમાં વોર્ડ નં.૧નાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર આહિર સમાજનાં મહિલા અગ્રણી અને જીએસટીનાં ઓફીસર રહી ચુકેલા ઉચ્ચ શિક્ષિત પ્રજ્ઞાબેન સતિષભાઈ વિરડા જેઓ પૂર્વ મેયર સ્વ. સતિષભાઈ કેપ્ટનનાં ધર્મપત્ની છે અને સેવાકીય સંસ્થાઓમાં પણ જોડાયેલા છે અને સારી એવી ચાહના ધરાવે છે તેમનો ક્રમાંક નં.૩ છે. જયારે તેમની પેનલનાં બીજા ઉમેદવાર મનોજભાઈ રામજીભાઈ ફલીયા ભણશાલી સમાજનાં છે અને નિસ્વાર્થ રીતે તેઓનાં વિસ્તારમાં સતત કાર્યરત રહયા છે. તેમનો ક્રમાંક નં.૪ છે જયારે મુસાભાઈ હાસમભાઈ દલ લઘુમતી સમાજમાંથી આવે છે અને આ વિસ્તારનાં લોકોનાં સુખ દુઃખનાં પ્રસંગે અડીખમ રીતે ઉભા રહે છે અને તેમનો ક્રમાંક-પ છે. જયારે શારદાબેન હીરાભાઈ પટોળીયા લેઉવા પટેલ સમાજનાં અગ્રણી છે અને આ વિસ્તારનાં કોઈપણ પ્રશ્નમાં કાયમને માટે અગ્રેસર રહેતા હોય છે અને તેમનો ક્રમાંક નં.૭ છે.

વોર્ડ નં.૧નાં ઉપરોકત ચારેય ઉમેદવાર પ્રજાકીય પ્રશ્નોને વાચા આપનાર તેમજ દરેક વર્ગમાં સારી એવી ચાહના ધરાવે છે. ચૂંટણી આડે માત્ર ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે ત્યારે તેઓનું ચૂંટણી પ્રચાર તંત્ર જોર-શોરથી ગાજી રહયું છે. સતત જનસંપર્ક, ડોર ટુ ડોર પ્રચાર, ગ્રુપ મીટીંગો વગેરે જેવા કાર્યક્રમો યોજાતા પ્રચંડ આવકાર મળી રહયો છે અને તેઓનાં ટેકેદારો દ્વારા પણ આ ઉમેદવારોને વિજેતા બનાવવા માટેનાં ચૂંટણી પ્રચાર તંત્રમાં ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. એટલું જ નહી જૂનાગઢની જનતાનો એકજ અવાજ આજે ગુંજી રહયો છે કે જેમાં ભાજપને હવે સત્તા નહી પરંતુ સજા અને ભયંકર ભ્રષ્ચારમાં ગળાડુબ ભાજપનાં શાસનથી જૂનાગઢની જનતા દુઃખી અને ત્રસ્ત થઈ રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષે લોકોને પડતી મુશ્કેલીઓને દુર કરવા નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાના અને સર્વે સમાજને સાથે રાખી વિકાસનાં કાર્યો, પ્રજાની સમસ્યાઓ વગેરે દુર કરી અને જૂનાગઢમાં નવો ઈતિહાસ રચવા માટે મક્કમ બની લોકોની સન્મુખ થઈ રહયા છે ત્યારે કોંગ્રેસ પક્ષનાં વોર્ડ નં.૧નાં ઉમેદવાર પ્રજ્ઞાબેન સતિષભાઈ વિરડા અને તેમની પેનલનાં સાથી ઉમેદવારોએ મતદારોને સંપૂર્ણ વિશ્વાસ અપાવ્યો હોય તેવો માહોલ પ્રવર્તી રહયો છે. તેમજ વોર્ડ નં.૧નાં કોંગ્રેસનાં આ ઉમેદવારોને માટે ઉજળા સંજોગ સર્જાયા છે.

## જૂનાગઢના ઝાંઝરડા રોડ વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પર મકાન વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી-રમાડતા શખ્સને બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ઝાંઝરડા રોડ રહેતા દિલીપ અમૃતલાલ દેવાણીના રહેણાંક મકાને દરોડો પાડતા આરોપી પોતાના આર્થિક ફાયદા સારૂ વરલી મટકાના આંક ફરકના આંકડા લખી જુગાર રમી રમાડતા ૮૭૦૦ રોકડ સહિત મોબાઈલ મળી કુલ ૧૧,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા ૪, ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મેંદરડા-અમરગઢ રોડ પર કાર હડફેટે બાઈક ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

મેંદરડા-અમરગઢ રોડ પર કાર ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈક ચાલકનું મોત નિપજયાનું મેંદરડા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે નિસર્ગભાઈ ધનસુખભાઈ પાઘડારે ફોર કંપનીની ફોર વ્હીલ નં.જીજે-૦૧-આરસી-૨૬૨૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાની કાર બેફીકરાઈપુર્વક અને ગફલત રીતે ચલાવી ફરીયાદીના કાકા રાજેશભાઈના મોટર સાયકલ નં.જીજે-૧૧-એજી-૦૩૨૨ને હડફેટે લઈ ફરીયાદીના કાકાનું મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં શહીદ પાર્કથી પેટ્રોલ પંપ સુધીનો માર્ગ ખુલ્લો મુકાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ મનપાના તમામ શહેરીજનોને જણાવવાનું કે, જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ નરસિંહ મહેતા સરોવરનું ડેવલોપમેન્ટ કરવા ડેવલોપમેન્ટ કામગીરી પૈકી શહિદ સ્મારક ગાર્ડનથી લઈ એચ.પી. પેટ્રોલ પંપ સુધીનો બંને બાજુનો રોડને અપગ્રેડેશન કરવા જાહેરહિતને ધ્યાને લેતા બંધ કરવામાં આવેલ હતો. જે કામગીરી હાલ પૂર્ણ થયેલ છે. જેમાં શહેરીજનો દ્વારા વૈકલ્પિક રૂટ તરીકે ત્રીમૂર્તિ હોસ્પિટલ- એસ.ટી. સર્કલ- વૈભવ ચોક વાડા રોડને અવર-જવર કરવા ઉપયોગ કરવામાં આવે છે. હાલ, શિવરાત્રી મેળો આવનાર હોય જેમાં શહેરમાં બહોળી માત્રામાં યાત્રાળુઓ આવનાર હોય જેને લીધે એસ.ટી. બસ-સ્ટેશન પર ઘણા-બધા વાહનોની અવર-જવર થનાર છે જેને લીધે આ વૈકલ્પીક રૂટ ઉપર બહોળા પ્રમાણમાં શહેરીજનોને ટ્રાફિક સમસ્યાનો સામનો ન કરવો પડે તથા શિવરાત્રી મેળા દરમ્યાન આ રોડ પર ટ્રાફિક સમસ્યામાં રાહત થાય તેમજ નરસિંહ મહેતા સરોવર રોડ ઉપર અમુક અંશ સુધીનો ટ્રાફિક ડાઈવર્ટ થાય તે માટે આજ તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ નરસિંહ મહેતા સરોવરના રોડ(એચ.પી. પેટ્રોલ પંપથી લઈ શહિદ સ્મારક ગાર્ડન)ને રાબેતા મુજબ ખુલ્લો મૂકવામાં આવે છે જેમાં રોડની બંને બાજુ જરૂરિયાત મુજબનું પાર્કિંગ બનાવવાની ભૌતિક કામગીરી પ્રગતિમાં છે જેથી સર્વે શહેરીજનોએ સાવચેતી રાખી જેવી કે વાહનો ધીમે ચલાવવા, રોડની મધ્ય લાઈનની મર્યાદામાં અવર-જવર કરવી, ટ્રાફિક ન સર્જાય તે માટે વાહનો આ રોડમાં પાર્ક ન કરવા તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાને સહકાર આપી રોડનો ઉપયોગ કરવા નોંધ લેવી.

## વિસાવદર : ઈકો ગાડી ન રોકવાના મનદુઃખે મારમાર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

વિસાવદરના બ્રહ્માનંદ વિદ્યાધામ નજીક ઈકો ગાડી રોકાવતા ગાડી નહી રોકવાના મનદુઃખે ગાળાગાળી કરી મારમાર્યાની ફરીયાદ વિસાવદર પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે અમીનભાઈ હાસમભાઈ નારેજાએ રવિભાઈ મેરામણભાઈ મોરી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદીની ઈકો ગાડી રોકાવતા ફરીયાદીએ પોતાની ગાડી રોકેલ ન હોય જે બાબતનો મનદુઃખ રાખી આરોપીએ ફરીયાદી સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી લોખંડની ટોર્મી વડે ફેકચર કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકા તાલુકાના મુળવાસર ગામે હત્યાના કેસમાં ચાર આરોપીઓને આજીવન કેદની સજા

## રૂા.૩૧ હજારનો દંડ ફટકારતી દ્વારકાની અદાલત





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દ્વારકા તાલુકાના મૂળવાસર ગામે રહેતા ફરીયાદી દેવલબેન વેજાભા લખુભા માણેક(ઉ.વ. ૩૬) દ્વારા દ્વારકા પોલીસ મથકમાં તા. ૨૧-૦૫-૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવેલી વિગત મુજબ મુળવાસર ગામે રહેતા આરોપીઓ કરશનભા જેસાભા ભઠડ, અર્જુનભા કરશનભા ભઠડ, વેજાભા ખેંગારભા ભઠડ તથા કાંયાભા ઘોઘાભા માણેક નામના ચાર શખ્સો દ્વારા ગુનાહિત ઈરાદા સાથે ફરીયાદી દેવલબેનના ઘરે આવી અને તેમના ભાણેજ દિનેશભા નાગશીભા સુમણીયાને આરોપી વેજાભાની પત્ની સાથે બોલવા-ચાલવા બાબતે તકરાર થયેલ હોય, જે અંગે થયેલી પોલીસ ફરીયાદનો ખાર રાખીને આરોપીઓએ ગત તારીખ ૨૧-૦૫-૨૦૨૦ ના રોજ જઈ, ત્યાં દિનેશભા હાજર હોય, જે આરોપીઓને જોઈ જતા તે રૂમમાં જતા રહેલ. તેમ છતાં આરોપીઓએ રૂમમાં જઈને આરોપી કરશનભા જેઠાભા અને અર્જુનભા કરશનભા પાસે રહેલી છરી વડે ફરીયાદી દેવલબેન તથા તેના ભાણેજ દિનેશભાને બેફામ માર માર્યો હતો. જેના કારણે દિનેશભાને માથાના ભાગે તેમજ પેટ, વાંસા, પગ અને છાતીના ભાગે આડેધડ છરીના ઘા મારી, જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપી વેજાભા પાસે રહેલી લાકડી અને આરોપી કાયાભા પાસે રહેલા લોખંડના પાઈપ વડે દિનેશભાને માથાના ભાગે તેમજ શરીરે ઘા મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી હતી. જેના કારણે દિનેશભા નાગશીભા સુમણીયાનું મૃત્યુ નિપજયું હતું. આ દરમિયાન તેને બચાવવા સાહેદ લખુભા ગગાભા માણેક તથા તેમના પત્ની સુંદરબેન વચ્ચે પડતા તેઓને પણ માર મારી, ઈજાઓ કરી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે દેવલબેન વેજાભાની ફરિયાદ ઉપરથી દ્વારકા પોલીસે તમામ ચાર આરોપીઓ સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે દ્વારકાના પી.આઈ. વિશાલ વાગડિયા દ્વારા તપાસ હાથ ધરી અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધ્યા હતા. જેમાં જરૂરી પુરાવાઓ એકત્રીત કરી અને કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યુ હતું. આ પ્રકરણમાં દ્વારકાની એડિશનલ સેશન્સ કોર્ટના જજ શ્રી કે.જે. મોદીની કોર્ટમાં કેસ ચાલી જતા કુલ ૨૬ સાક્ષીઓની કરવામાં આવેલી તપાસ તેમજ ફરીયાદી અને નજરે જોનાર સાહેદ દેવલબેન તથા તબીબોની લેવાયેલી જુબાની સાથે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી લંબાણપુર્વકની દલીલો ધ્યાને લઈ એડી. સેસન્સ જજ શ્રી કે.જે.મોદી દ્વારા આરોપીઓને માનવ વધની કલમ ૩૦૨ સાથે વંચાતા કલમ - ૧૧૪ હેઠળ તકસીરવાન ઠેરવી આજીવન કેદ (જન્મટીપ) ની સજા અને જુદી જુદી કલમ હેઠળ કુલ રૂ. ૩૧ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ સમગ્ર કાર્યવાહી દ્વારકાના પી.આઈ. વી.વી. વાગડીયા, જિલ્લા સરકારી વકીલ લાખાભાઈ ચાવડા, એ.એસ.આઈ. આર.ટી નાખવા, કિશોરભાઈ મેર તેમજ શક્તિસિંહ ડી. જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# વિસાવદર તાલુકાની મોટા ભલગામ મિડલ સ્કૂલ ખાતે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ સંપન્ન




(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૩

તાજેતરમાં વિસાવદર તાલુકાની મોટા ભલગામ મિડલ સ્કૂલ ખાતે અભ્યાસ કરતાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાય ગયો સમારોહમાં ખાસ ઉપસ્થિત વિસાવદર લાયન્સ કલબ ના લાયન્સ કલબ ડિસ્ટ્રિક્ટ ચેરપર્સન લાયન રમણીકભાઈ ગોહેલ, શાળાના આચાર્ય અલ્પેશ સોરઠીયા તેમજ મહાનુભાવોના વરદ હસ્તે દિપ જયોત પ્રાગટ્ય કરી સમારોહનો શુભારંભ કરવામાં આવેલ કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં ધોરણ ૯ થી ૧૨ સુધી કરેલ અભ્યાસ દરમ્યાનના પોતપોતાના અનુભવો તેમજ ભૂતકાળના સંસ્મરણો વ્યકત કરેલ.

શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.સમારોહ દરમિયાન લાયન્સ કલબ વિસાવદર દ્વારા ધોરણ૧૦ તેમજ ૧૨ ના વિદ્યાર્થીઓ માથી લાયન્સ ક્વેસ્ટ અંતર્ગત યોજેલ પોસ્ટર સ્પર્ધા તેમજ નિબંધ લેખન સ્પર્ધામાં સહભાગી બનેલા તમામ વિદ્યાર્થીઓને લાયન્સ કલબ વિસાવદર દ્વારા પ્રમાણપત્રો તેમજ બંન્ને સ્પર્ધામાં પ્રથમ દ્વિતીય તેમજ તૃતીય સ્થાન મેળવનાર સ્પર્ધકોને શિલ્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ. તેમજ સમારોહ દરમ્યાન શાળાના શિક્ષક કમલેશભાઈ ઠુંમરને લાયન્સ કલબ વિસાવદર દ્વારા મોમેન્ટ આપી સન્માનિત કરવામાં આવેલ સમારોહ દરમ્યાન શાળાના તમામ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારનું સુંદર આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન દ્વારા કરવામાં આવેલ હતું.

# કોરીડોર પ્રોજેકટ અંતર્ગત દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર તીર્થક્ષેત્રનો ત્રણ તબક્કે થશે વિકાસ

## ભગવાન શ્રી કૃષ્ણની ૧૦૮ ફૂટ ઊંચી મૂર્તિ સ્થાપિત કરાશે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ એવા દ્વારકા યાત્રાધામનો વિકાસ કરવા આગામી સમયમાં કોરીડોર પ્રોજેકટની શરૂઆત થશે. જેમાં ત્રણ તબક્કે વિકાસ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. જેમાં પ્રથમ તબક્કામાં જગત મંદિરથી રૂક્ષ્મણી મંદિર સુધીના પ્રસ્તાવિત માર્ગનો વિકાસ કરાશે. જેમાં રૂ. ૧૩૮ કરોડના ખર્ચે સમુદ્રની અંદર ડૂબી ગયેલી જૂની દ્વારકા નગરીની ઝલક નિહાળી શકાય તે માટેની વ્યુઈંગ ગેલેરી સહિતનો વિકાસ કરાશે. બીજા તબકકામાં બેટ દ્વારકામાં દ્વારકાધીશ મંદિરથી હનુમાન દાંડી ધામ સુધીના રસ્તાને પહોળો બનાવી વિકાસ હાથ ધરવામાં આવશે. ત્રીજા તબકકામાં દ્વારકાથી ૧૬ કિમી દૂર આવેલા નાગેશ્વર જ્યોતિર્લિંગથી ગોપી તળાવ તીર્થધામ સુધીના વિસ્તારનો વિકાસ કરાશે. આ ઉપરાંત કોરીડોર પ્રોજેકટ અંતર્ગત ૧૦૮ ફૂટ ઊંચી ભગવાન શ્રીકૃષ્ણ વિશ્વની સૌથી ઊંચી મૂર્તિનું નિર્માણ કરવામાં આવનાર છે.

આ કોરોડોરમાં વોક વે, વોલ પેઈન્ટીંગ, ભોજન શાળા, ઈકો ટુરીઝમ, વોટર સ્પોર્ટસ, મરીન ઈન્ટરપ્રીટેશન સેન્ટર, લેક ફ્રન્ટ, ડોલ્ફીન વ્યુઈંગ ગેલેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

# રાષ્ટ્રિય કક્ષાની ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં સ્વ. પી.ડી.શાહ અને એલે.પી.શાહ હાઈ. દિવરાણા રેકોર્ડ બનાવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

રમત - ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ - ગાંધીનગર કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - ગાંધીનગર દ્વારા આયોજિત ૧૭ મી રાષ્ટ્રિય કક્ષાની ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધા - ૨૦૨૫માં શ્રી નાલંદા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વ. પી.ડી.શાહ અને એલે.પી.શાહ હાઈ. દિવરાણા રેકોર્ડ બનાવ્યો છે જેમાં એક જ શાળાના ૭ વિદ્યાર્થીઓએ જુનિયર ભાઈઓના વિભાગમાં 2nd ચાવડા નયન, 9th ડાકી અજય, 10th ગરેજા કરણ તેમજ જુનિયર બહેનોના વિભાગમાં 2nd ગરેજા જશુ, 3rd ગરચર દીપાલી, 4th. કામરીયા જયશ્રી, 6th. ઘુસર મંજુ આ તમામ વિધાર્થીઓએ આ સ્પર્ધામાં અંદાજે ૪ લાખ જેટલી માતબર રકમ મેળવી તેમજ નંબર મેળવી શાળાનુ ગૌરવ વધાર્યું છે. આ બદલ શાળાના ટ્રસ્ટી ચેતનભાઈ પંડયા તેમજ પરાસર પંડ્યા, આચાર્ય મિલિન્દભાઈ કોટડિયા, સુપર વાઈઝર સંદીપભાઈ કોડિયાતર તરફથી ભાગ લેનાર સ્પર્ધકો તથા તેના માર્ગદર્શકશ્રી શૈલેષભાઈ મોકરિયા, વિપુલભાઈ મુસાળ, સંગીતાબેન ઝાલા, બીનાબેન પરમાર, મીનાબેન બામણીયા અંજલિ મોકરીયા તેમજ આર્યનભાઈ પાઠકને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયા લાયન્સ કલબ દ્વારા શનિવારે હઠીલા રોગોના દર્દીઓ માટે વિના મૂલ્યે કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ કલબ દ્વારા વધુ એક વખત જુના અને હઠીલા રોગોથી પીડિત દર્દીઓ માટે ખાસ કેમ્પનું આયોજન આગામી શનિવાર તા. ૧૫ ના રોજ કરવામાં આવ્યું છે. અત્રે નવાપરા, રોડ નં. ૧૭ ખાતે આવેલી શ્રી ક્રિષ્ના મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે યોજવામાં આવેલા આ સેવા કેમ્પ વર્ષોથી પીડાતા વિવિધ દર્દના દર્દીઓ માટે શુદ્ધ આયુર્વેદિક તેમજ ફિઝિયોથેરાપીની વિવિધ પદ્ધતિ દ્વારા વિના મૂલ્યે વિધાન કરી આપવામાં આવશે. જેમાં ખાસ કરીને સાંધાના રોગો તેમજ અન્ય જૂના રોગોની સારવાર વિના મૂલ્યે કરાશે. આ કેમ્પમાં ડો. ધર્મેશ ભાટીયા, ડો. લલિતકુમાર પાણખાણિયા અને ડો. વિશાલ લગારીયા તેમની સેવાઓ આપશે. આગામી શનિવારે બપોરે ૨ થી સાંજે ૬ વાગ્યા સુધી આ કેમ્પનો લાભ લેવા લાયન્સ કલબના પ્રમુખ ડો. સાગર ભૂત દ્વારા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના દર્દીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયામાં પાલિકા તંત્ર દ્વારા મિલકતોની થશે ચતુર્વર્ષિય આકારણી

(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા નગરપાલિકાના હદ વિસ્તારમાં મિલકત ધરાવતા આસામીઓની મિલકત સંદર્ભે સરકારના નિયમ મુજબ ચતુર્વર્ષિય આકારણી કરવામાં આવનાર છે. આથી તમામ મિલકતોની હાથ ધરાનાર આ ચતુર્વર્ષિય આકારણીની કામગીરીમાં રોકાયેલા સરવેની ટીમના કર્મચારીઓ તેમજ અધિકારીઓને નગરજનો દ્વારા તેમની મિલકતની યાદી તથા જરૂરિયાત મુજબના મિલકતોના આધાર-પુરાવા માટે જે-તે દુકાન, રહેણાંક કે ઓફિસમાં આવતા કર્મચારીઓ, અધિકારીઓને આપવાના થતા સાધનિક કાગળ જોવા માટે પૂરા પાડવા માટે સહયોગ આપવા નગરપાલિકાના ચીફ ઓફિસરની એક યાદીમાં જણાવાયું છે.

‘લોલીપોપ’ માં આવ્યા વિના જ હવે તો યુધ્ધ એ જ કલ્યાણ માટે જનતા સજ્જ

# જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ભાજપને મત તો નહીં જ !

## લોકો કહે છે : ગુજરાતમાં ભાજપ પણ જૂનાગઢમાં તો નહી જ







જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ મહાનગર પાલીકાની સત્તા વારમવાર એકને એક પક્ષ એટલે કે ભાજપને સોપવાથી શું પરિણામ આવે તે જૂનાગઢવાસીઓ જોઈ ચુકયા છે. અનુભવી ચુકયા છે અને એટલા માટે જ આગામી તા.૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનારી જૂનાગઢ મનપાની ચૂંટણીમાં મત તો ભાજપને નહીં જ નું મન બનાવી લીધુ હોવાનું ખુલ્લેઆમ ચર્ચાઈ છે. મતદારોમાં થતી ચર્ચાઓ અને જે-તે વિસ્તાર, વોર્ડમાં ભાજપનાં ઉમેદવાર માટે મત માંગવા જતી વખતે જે શો થાય છે એટલે કે મતદારો વિફરીને ભાજપનાં જ ચૂંટણી પ્રચાર માટે આવેલા લોકોને ઘઘલાવી નાખે છે કે તમે મત લેવા દોડીયા આવો છો અને કયા મોઢે મત માંગો છો તમારામાં શરમ જેવું છે કે નહીં. જૂનાગઢની પ્રજાએ વારંવાર મતપેટી છલકાવી દીધી અને ૧૦૦ ટકા બહુમતી આપવા છતાં લોકોને પ્રાથમીક સુવિધા આપવાનાં બદલે દુઃખ જ આપ્યા છે. જૂનાગઢની જનતા તેને ભુલી શકે તેમ નથી રસ્તાઓની દર્દનાક હાલાકી અને આડેધડ કામો વિકાસને બદલે વિનાશલીલા નીહાળી છે અને હવે ફરી પાછુ પેટ ચોળી અને પીડા ઉભી નથી કરવું અને એટલા માટે તો મત હવે ભાજપને નહી જ નું સુત્ર જનતાએ અપનાવી લીધાની ચર્ચાઓ થઈ રહી છે. મનપાની ચૂંટણીનો માહોલ ગરમા ગરમ બનેલો છે. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ભાજપ દ્વારા મોટા બેનરો લગાવી દેવામાં આવ્યા છે અને જે કામો ગુજરાત સરકાર દ્વારા થયા હોય તેમાં પણ જૂનાગઢ ભાજપનાં નેતાનાં કારણે વિકાસ થયો હોવાનું અને ક્રેડીટ પોતે મેળવવાનાં પ્રયાસો કરવામાં આવ્યા છે. આમ જનતા અને મતદારો આવા ઠેક ઠેકાણે લટકાવેલા બેનરો જોઈ અને દાંત કાઢે છે કે તમે ગમે તેટલી લોલીપોપ આપો અમે ભરવાના નથી. આ સાથે જ એવો કટાક્ષ પણ કરે છે કે વિકાસ કર્યો હોવાનાં દાવા કરતા બેનરો લગાવ્યા છે પરંતુ જૂનાગઢ શહેરની હાલત તમે કેવી કરી નાખી છે તે અંગેના એક પણ બેનર તમે લગાવ્યા છે ખરા ? જો આવા બેનરો તમે લટકાવ્યા હોત તો સાચી વાતનો સ્વીકાર કરનારને જનતા એટલું તો આશ્વાસન લઈ શકે કે, આ લોકો સાચી બાબત તો સ્વીકારે છે પરંતુ આવું થતું નથી અને એટલા માટે જ લોકો કહે છે કે ગુજરાતમાં ભાજપ પણ જૂનાગઢ મનપામાં તો ભાજપ નહી જ.. આ વખતે મત ભાજપને નહીં જ તેવું મતદારોએ નક્કી કરી નાખ્યું હોવાનું મનાઈ છે.

# જૂનાગઢની આ તે કેવી દૂર્દશા !

## જનતાએ પોતાના હૃદયને સાક્ષી માની આત્માનાં અવાજને ઓળખી ભવિષ્યનાં નિર્માણ અને આવનારી પેઢી માટે યોગ્ય ઉમેદવારને પસંદ કરવા માટે અવશ્ય મતદાન કરવું પડશે

જૂનાગઢમાં રસ્તાનાં રમખાણો, ખાડાઓની ભરમાર અને ચોમાસામાં સર્જાયેલી તારાજીનાં તાંડવથી જનતા ત્રાહીમામ છે. કોઈ કાળે ભુલાઈ નહી તેવા મહા ભયંકર પરિસ્થિતિમાં મુકાઈ ગયેલી જનતા માફ કરી શકે તેમ નથી અને જૂનાગઢને નર્કાગારમાં ફેરવી નાખનારાઓને પાઠ ભણાવવા માટે મક્કમ બની છે. જૂનાગઢ શહેરની જે હદે પરિસ્થિતિ વણસી છે તેની અહીં દર્શાવેલી બોલતી તસ્વીરો છે. આ તસ્વીરો નીહાળીને હવે આપ સૌ નક્કી કરો કે જૂનાગઢની જનતાએ કોને મત આપવો જોઈએ ? જો ભાજપને મત આપે તો ફરી પાછી એની એજ કઠણાઈ થવાની સંભાવના રહેલી છે તો બીજી તરફ અન્ય પક્ષને જો મત આપે તો પણ ભવિષ્યનું શું ? તેવો સવાલ ઉપસ્થિત થયો છે. આ સાથે જ જૂનાગઢનાં મોટાભાગનાં મતદારોને જાગૃત નાગરીકો એવી અપીલ કરી રહયા છે કે, જૂનાગઢનાં ભવિષ્યને નજર સમક્ષ રાખી આતમાનો અવાજ થાય અને દીલ ઉપર હાથ રાખીને તમારો પવિત્ર મત આપજો જેથી જૂનાગઢનું સુંદર ભવિષ્ય નિર્માણ કરી શકાય.



# જૂનાગઢવાસીઓ અનેક સમસ્યાઓથી પીડાય છે

- મનપા દ્વારા જૂનાગઢમાં બનાવવામાં આવેલું ગાર્ડન ક્યું ? તેવો સવાલ ઉઠ્યો છે.
- મનપા દ્વારા બનાવવામાં આવેલ સીનીયર સીટીઝન પાર્ક કયા આવ્યું જાણો છો ?
- મનપા દ્વારા બનાવવામાં આવેલ રમત ગમતના મેદાનની કોઈ ઓળખ આપશે ?
- જૂનાગઢમાં હવેલીગલી અથવા તો માંગનાથ રોડમાં ખરીદી કરવા જતી મહિલાઓ માટે વોશરૂમની સુવિધા છે ખરી ?
- જૂનાગઢમાં નવજાત બાળકને સાથે માતા ખરીદી કરવા જાય તો ફિડીંગરૂમ બનાવવામાં આવ્યો છે ખરો ?
- જૂનાગઢ મનપા દ્વારા નવા વાહન ઉપર ટેક્ષ લેવામાં આવે છે અને આવા વાહનધારકો જયારે ખરીદી માટે નીકળે છે ત્યારે તેમના માટે યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા છે ખરી ?
- જૂનાગઢ શહેરના સમગ્ર વિસ્તારોમાંથી કયો રસ્તો સારો છે તે અંગે કોઈ બતાવી આપશે ખરૂ ?
- જૂનાગઢ શહેરમાં છેલ્લા ચાર વર્ષથી ચાલતું ભુગર્ભ ગટરનું કામ કયારે પુરૂ થશે ?
- અન્ય મેગા સિટીની જેમ જૂનાગઢ શહેરમાં સિટી બસ સર્વિસ કયારે શરૂ થશે તે અંગે કેમ કોઈ પક્ષ જવાબ આપતું નથી ?
- મહાનગરપાલિકા દ્વારા શીક્ષણ ઊપકર દર વર્ષે લેવામાં છે પરંતુ કોર્પોરેશન દ્વારા ચાલતી કોઈ એક સ્કુલ કયા આવી છે ખબર છે ?
- ઘરના ટોયલેટનો પાઈપ ૬ ઈંચનો હોય અને આખા વિસ્તારની ગટરોના પાઈપ ૯ ઈંચના હોય તો ચાલે ખરા ?

ઉપરોકત દર્શાવ્યા પ્રમાણેના અનેક સળગતા પ્રાથમિક સવાલો છે અને જેના ઉકેલ અને જવાબો જૂનાગઢની જનતા શોધી રહી છે અને જો આ તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવી શકે તેવા કર્મવીરની રાહ જનતા જોઈ રહી છે.









